॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્‌ગુરૂભ્યો નમઃ ॥

ૐ

# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ

સચ્ચિદાનંદ સ્વરૂપ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય

## શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી શિવોહંસાગરજી મહારાજ

વર્ષ ૩૬ સંવત ૨૦૭૦ ભાદરવો, સપ્ટેમ્બર - ૨૦૧૪ અંક - ૯

# 'વેદ રહસ્ય' સામયિક સભ્યોને ખાસ વિજ્ઞાપન

- ✓ 'વેદ રહસ્ય' દર મહિનાની પાંચ તારીખે પ્રગટ થાય છે.
- ✓ 'વેદ રહસ્ય' નું વર્ષ જાન્યુઆરીથી ડીસેમ્બર સુધી ગણાય છે.
- ✓ પત્રવ્યવહારમાં ગ્રાહક નંબરનો અવશ્ય ઉલ્લેખ કરવો
- ✓ સરનામા ફેરફાર થાય તેમજ તા. પંદર સુધીમાં અંક ન મળે તો પત્રથી ફોન નંબર સાથે અથવા ફોન દ્વારા અથવા રૂબરૂ પ્રકાશકશ્રીના સરનામે જાણ કરવી
- ✓ જે સભ્યોનું વાર્ષિક લવાજમ પુરૂ થાય અને ડીસેમ્બર મહિનાની તા. ૧૫ સુધીમાં લવાજમ ભરવામાં ન આવે તો અંક આપોઆપ ત્યાર પછીના મહિનાથી બંધ થયેલ ગણવામાં આવશે.
- ✓ વર્ષની વચ્ચે કોઈપણ મહિનામાં વાર્ષિક સભ્ય થયા હશે તો પણ વર્ષ ડીસેમ્બર માં પુરૂ થયેલું ગણાશે.
- ✓ કોઈપણ જાતનું લવાજમ ભરીને કાર્યાલયમાંથી ફરજીયાત પહોંચ મેળવી લેવાની રહેશે.
- ✓ લેખો, ભજનો, કીર્તનો વગેરે ધાર્મિક, આધ્યાત્મિક, જીવન ઉપયોગી હોવા જોઈએ. લેખો–ભજનો–કીર્તનો વગેરે ઉપર જણાવ્યા પ્રમાણે અનુરૂપ નહીં હોય અથવા કોઈપણ પુસ્તકના કે છાપાના ઉતારા હશે અને પ્રગટ કરવા જેવા નહીં લાગે તેવા લેખો–ભજનો–કીર્તનો વગેરે રદ કરી શકાશે અને લેખકોને પરત મોકલવામાં આવશે નહીં. લેખકોને કોઈપણ જાતનું મહેનતાણુ કે પુરસ્કાર આપવામાં આવતો નથી.
- ✓ પ.પૂ. શ્રી મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યની શુભ પ્રેરણા અને અસીમ કૃપાથી 'વેદ રહસ્ય' સામયિકનો શુભ આરંભ થયેલ તેમજ પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજની પ્રેરણા તેમજ આશીર્વાદથી અને તેમના માર્ગદર્શન નીચે સેવક સમુદાય દ્વારા સુરત થી પ્રગટ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. સામયિકની પ્રવૃત્તિ અને વિકાસ વધતો જ જાય છે. તેથી આપ સૌ સેવક–ભકતોને નિવેદન કરવામાં આવે છે કે વાર્ષિક લવાજમ ભરીને વારંવાર સભ્ય થવું, લવાજમ ભરવામાં નિયમિતતા જળવાય નહીં, તેના બદલે આજીવન, સહાયક, સંરક્ષક સભ્ય બની જાઓ તો તમારે અને કમીટી મંડળ બંનેને ઘણી સાનુકૂળતા થઈ જાય અને વહીવટમાં પણ સુગમતા રહે. તેથી આપ સૌ સેવક–ભકતો આજીવન, સહાયક, સંરક્ષક સભ્ય બનો અને બીજાને બનવાની પ્રેરણા અને ઉત્સાહ વધારો જેથી આપે સત્સંગ સાહિત્યની મહાન સેવા કરી ગણાશે.
- ✓ લવાજમની રકમ રોકડેથી ભરી શકાશે તેમજ ચેક, મનીઓર્ડર અથવા ડ્રાફટથી પણ લવાજમ ભરી શકાશે. ચેક, મનીઓર્ડર અથવા ડ્રાફટ વગેરે " શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ" ના નામનો કઢાવવાનો રહેશે અને પ્રકાશકશ્રીના સરનામે મોકલવાનો રહેશે.

## ખાસ સૂચના

લેખ, ભજન કે કીર્તન મોકલનારે તારીખ સાથે પોતાનું સ્વચ્છ સરનામું તથા ફોન નંબર આપવાનો રહેશે તેમજ લેખ, ભજન કે કીર્તનના અંતમાં પોતાની સહી કરવાની રહેશે. સહી કરેલા લેખ, ભજન કે કીર્તન સારા અક્ષરોમાં હાસિયો છોડીને લખેલા હશે તો જ માન્ય ગણાશે. ઝેરોક્ષ કરેલા લેખ, ભજન કે કીર્તન માન્ય રહેશે નહીં.

**સંપર્ક નં. મો.: ૯૪૨૭૪ ૨૯૯૦૧, ૯૮૯૮૩ ૨૨૬૫૦, ૯૮૨૪૧ ૮૧૩૭૯**

# વેદ રહસ્ય



સંસ્થાપક : મહામંડલેશ્વર સ્વામીશ્રી
અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ: ૩૬ / સપ્ટેમ્બર-૨૦૧૪ / અંક-૯

## અનુક્રમણિકા


૨ કઠોપનિષદ
કૃષ્ણા કે. ભરોડિયા (પાલડી)

૬ માનવજીવન
ઘનશ્યામ એલ. સવાણી (નાવડા)

૮ શ્રેય અને પ્રેય
પટેલ દેવીકાબેન જે. (ઓજરાળા)

૯ શ્રીમદ્ ભગવત ગીતાસાર
અમરશીભાઈ (કેરીયા)

૧૦ દેહ અભિમાન ટાળો
ગોરધનભાઈ જે. ગાબાણી (પીપળીયા)

૧૧ સુખકાર ઘડપણ
હસમુખભાઈ પટેલ

૧૩ વાસના અને ચિત્તશુદ્ધિ
લક્ષ્મણભાઈ જે. સોનાણી (ચકમપર)

૧૫ કીર્તન
આશાબેન એ. (ચમારડી)

૧૬ શિવમહિમ્નઃ સ્તોત્રમ્
કૃષ્ણા કે. ભરોડિયા (પાલડી)

૧૭ ધર્મ અને આડંબર
નરસિંહભાઈ વી. વઘાસીયા (પીપળીયા)

૧૭ કળિયુગે નામ સ્મરણ
મધુબેન ડી. બોઘરા (પીપરીયા)

૧૮ શ્રદ્ધાંજલિ
સંકલિત

૧૯ સત્સંગ શિબિર ફોર્મ
સંકલિત

૨૦ સત્સંગ સમાચાર
સંકલિત


જય સચ્ચિદાનંદ


**: માધવ પીઠાધિપતિ :**
"પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી
જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય"
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
શ્રી માધવાનંદ આશ્રમ
કતારગામ રોડ, સુરત–૩૯૫૦૦૪

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
શ્રી માધવાનંદ આશ્રમ
કતારગામ રોડ,
સુરત–૩૯૫ ૦૦૪

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
શ્રી માધવાનંદ આશ્રમ
કતારગામ રોડ,
સુરત–૩૯૫ ૦૦૪

**: મુદ્રક (Printer) :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા
વેદ રહસ્ય કાર્યાલય
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
શ્રી માધવાનંદ આશ્રમ
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત–૩૯૫ ૦૦૬.

**: મુખ્ય કાર્યાલય :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪
ફોન ન. ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

**: માનદ સંપાદકીય સલાહકાર :**
"પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી
જગદીશાનંદ સાગરજી મહારાજ વેદન્તાચાર્ય"
૧. કેશવભાઈ ગીગાભાઈ ભરોડિયા (પાલડી)
૨. બાબુભાઈ નાનજીભાઈ કોશિયા (અંકેવાળીયા)
૩. ગોરધનભાઈ જગાભાઈ ગાબાણી (પીપળીયા)



## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૫ વર્ષ જુનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.

લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :
**વેદ રહસ્ય કાર્યાલય**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦

| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



**ગતાંકથી ચાલુ...**

વટ અને બીજનો અર્થ છે કાર્ય અને કારણ. દોરામાં કપડું અને કપડામાં દોરા, સોનામાં હાર અને હારમાં સોનું કારણ અને કાર્ય જુદુ નથી. એટલા માટે નરસિંહ મહેતાએ કહ્યું કે, **'કાર્યને કારણ તું જ કહાવે'** હે પરમાત્મા ! કારણ તમે છો ને કાર્ય પણ તમે છો કારણ કે પરમાત્માએ જ આ બધા રૂપો ધારણ કર્યા છે

**અનેક રુપ રુપાય, વિષણવે પ્રભ વિષણવે**

એટલે પરમાત્માં અનંત રૂપે-

'एकसं भिद्यते भ्रांत्या मायया न स्वरुपतः ।'

એક જ પરમાત્મા છે. માયા દ્વારા અનેક રૂપો દેખાય છે એટલે કે સૂર્ય એક છે પણ પાણીના કુંડાઓમાં અનેક દેખાય છે.

''एको देवः सर्वभूतेषु गुढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा ।
कर्माध्यक्षः सर्वभूताधिवासः साक्षी चेता केवलो निर्गुणश्च ।
(શ્વેતાશ્વતરોપનિષદ્-૬-૧૧)

શ્વેતાશ્વેતર ઉપનીષદમાં કહ્યું છે કે એક જ દેવ સર્વની અંદર ગુહ્ય છે કેમ કે વેદનો મંત્ર કહે છે - **'સદેવ સૌમ્યેદમગ્ર આસીદેકમેવા દ્વિતીયમ્ બ્રહ્મ'** (છાંદોગ્યોપનિષદ્-૬-૨) સૃષ્ટિની પેલા એક જ સત્ હતું બીજું કંઈ હતું નહીં અને એમાંથી જ આ બધું થયું છે, દેખાણું છે. તો એકમાં અનેકતાં જે છે તે ઉપાધીથી થયેલી છે એટલે એક સત્ય ભાગ છે અને અનેકતા એ ઉપાધીક છે. ઉપાધીક એટલે બનાવટી છે. બનાવટી સમજો છો ને. એક માણસને ઘણાં ઘણાં કપડાં પહેરાવો તો જુદો જુદો માણસ દેખાય. ક્યારેક રાજાના કપડાં પહેરાવો તો રાજા દેખાય, પોલીસના કપડાં પહેરાવો તો પોલીસ દેખાય, સ્ત્રીના કપડા પહેરાવો તો સ્ત્રી દેખાય. છે એક અને દેખાય છે જુદું જુદું એટલે જુદું દેખાય એ ઉપાધીક કહેવાય એટલે વ્યવહારીક કહો, ખેલ માત્ર કહેવાય એટલે 'એક' એ સત્ય કહેવાય. **'એકમેવા દ્વિતીયમ્ બ્રહ્મ'** એક જ સત્ય તત્ત્વ હંમેશા વ્યાપી રહેલું છે. તો બીજું દેખાય એ ભ્રાંતિથી દેખાય તેમ સમજવું.

एकसं भिद्यते भ्रांत्या मायया न स्वरुपतः ।

કે જે માયાની ભ્રાંતિને લઈને એક હોવા છતાં અનેક દેખાય છે અને તત્ત્વજ્ઞાન થાય ત્યારે સમજાય કે-

**અખંડમંડલા કારં વ્યાપ્તં યેન ચરાચરમ્**
**તત્પદં દર્શિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમઃ ।** (શ્રીગુરુગીતા)

**એક છે એક છે એક છે રે**
**પ્રભુ આદ્યે અંતે મધ્યે એક છે.**(જગન્નાથ કૃત)
**આદ્ય અંત મધ્ય જાણે એક અદ્વૈત ભાસ્યું રે,**
**આત્માના અનુભવ થકી અજ્ઞાન નાસ્યું રે.**
**અનુભવીને એકલા આનંદમાં રહેવું રે,**
**ભજવા પરિબ્રહ્મને બીજું કંઈ ન કહેવું રે.**
**આત્મા સૌનો એક જાણી કોઈને દુઃખ ના દેવું રે,**
**સુખ દુઃખ સહેજે આવે તે સહીને રે'વું રે.**
(કૃષ્ણજી)

**સર્વભૂતેષુ યેનૈકં ભાવમવ્યયમીક્ષતે,**
**અવિભક્તં વિભક્તેષુ તજ્જ્ઞાનં વિદ્ધિ સાત્વિકમ્.**
(ગીતા-૧૮,૨૦)

**'સર્વભૂતેષુ યેનૈકં ભાવમવ્યયમીક્ષતે'** સર્વ ભૂતોમાં એક અવ્યય ભાવને જુવે. અવ્યય એટલે વધે નહીં ને ઘટે નહીં એવા બ્રહ્મને જોવો, એનું નામ

સાત્ત્વિક જ્ઞાન છે. **'અવિભક્તં વિભક્તેષુ'** વિભક્તેષુ એટલે જુદા-જુદા પદાર્થો દેખાતા હોય તેમાં પણ એક અવિભક્ત. અવિભક્ત એટલે જુદું ન પડે તેવું બ્રહ્મ તત્ત્વ. પરમાત્મા બધામાં સમાયેલા છે. કઈ રીતે ? બોલો ? સત્, ચિત્ત, આનંદ સ્વરૂપે, અસ્તિ, ભાંતિ અને પ્રિય સ્વરૂપે તમને ભલે દુનિયા જુદી જુદી લાગતી હોય પણ બધામાં **'છે'**. છે છે ને છે. **'છે'** બધામાં સરખું છે. રાજા હોય તોય છે, ને રંક હોય તોય છે, સંન્યાસી હોય તોય છે, ને ગૃહસ્થ હોય તોય છે, કિંમતી વસ્તુ હોય તોય છે, ને અકિંમતી વસ્તુ હોય તોય છે, ઉપયોગી વસ્તુ હોય તોય છે ને અનુપયોગી વસ્તુ હોય તોય છે પણ બ્રહ્મ છે બધાની અંદર અસ્તિત્ત્વ સમાયેલું છે.

''अस्तीत्येवोपलब्धव्य'' બ્રહ્મને 'અસ્તિ' રૂપમાં એટલે સત્ રૂપમાં જોવાનો અભ્યાસ કરવો.

**સત્ ચિત આનંદ સર્વમાં ભરી રહ્યો ભરપૂર,**
**દિન રજની રહે રંગમાં નિર્મળ વરસે નુર**
(સ્વામી પ્રિતમદાસજી)

તો ભેદ દ્રષ્ટિએ જુવે એ અજ્ઞાનતા છે અને અભેદ દ્રષ્ટિએ જુવે એ જ્ઞાન છે. **'અભેદ દર્શનં જ્ઞાનં'** કે જે અભેદ દ્રષ્ટિ કરે એનું નામ છે જ્ઞાન અને ભેદ દ્રષ્ટિ કરે એનું નામ છે અજ્ઞાન. એકવાર ક્યાંક એક જગ્યાએ શાસ્ત્રાર્થ ચાલતો હતો. એમાં કોઈએ કહ્યું કે પરમાત્મા અને આ બધું જુદું જુદું છે ને કોઈએ કહ્યું કે અખંડ બ્રહ્મરૂપ છે. તો 'અખંડ બ્રહ્મરૂપ છે' એમ કહેવાવાળાથી બહુ લાંબુ પ્રવચન ન થાય, લાંબુ વ્યાખ્યાન, બહુ દ્રષ્ટાંત દેવાનું, હસવાનું બહુ ન આવે કેમ કે એમાં શાંતિ શાંતિ ને શાંતિ હોય. ન હરખ હોય કે ન શોક હોય, ન હોય ગભરાવાનું કે ન હોય કોઈ કરાવવાનું કે ન કોઈને હરાવવાનું હોય. એક જ બ્રહ્મ છે પછી ન કોઈ ઊંચે બોલવાનું કે ન કોઈ નીચે બોલવાનું. બધું એક જ સમરસ છે. જ્યારે ભેદમાં તો આ ઊંચા ને આ નીચા, આ સારા ને આ મોળા, અહીં ગયા ને અહીં બેઠા, અહીં આવ્યાને અહીં બહુ ઝાઝા હતા, અહીં ઓછા હતા, અહીં આમ થયું એટલે અનેક ભેદથી અનેક નામથી અનેક રૂપથી અનેક કર્મથી એનું વર્ણન થયા કરે એટલે વૈખરી વાણીથી જેટલું પ્રવચન કરવું હોય એટલું થયા કરે એટલા માટે ભેદવાદી જે હતાં તેણે બહું મોટું લાંબુ પ્રવચન કર્યું. અજ્ઞાની જીવો જે હતા એ બધા હસી ગયા અને કહેવા લાગ્યા આ બહુ સારા માણસ છે. કોઈ સજ્જન પુરૂષે આવીને કહ્યું કે એ કેટલું ભણ્યા છે ? તો કહે કે વીસ વર્ષ ભણ્યા. વીસ વર્ષ ભણ્યા તો આવડ્યું શું ? અમારે ન ભણેલાને ય ખબર છે કે ભગવાન જુદા છે ને આ બધા જુદા છે. ખબર છે કે નહીં, અભણને ? બોલો ? ભરવાડને પૂછો જેટલા અભણ છે એ બધાને પૂછો, એ કહેશે કે ભગવાન જુદા છે ને આપણે બધા જુદા છીએ. તો જુદા સમજવું એ કુતરા, કાગડા, વાંદરા બધાને ખબર છે પણ અખંડ બ્રહ્મ છે, એવી કોને ખબર છે ? બોલો જ્ઞાનીઓને જેટલા સમજુ છે, તત્ત્વજ્ઞાની છે એને ખબર છે 'અખંડ બ્રહ્મ છે' એટલે **'અભેદ દર્શનં જ્ઞાનં'** કે અભેદ દ્રષ્ટિ કરવી એ તો જ્ઞાની છે, જ્ઞાન છે અને ભેદ દ્રષ્ટિ કરવી એનું નામ જ અજ્ઞાન. પછી વીસ વર્ષ ભણો કે પચાસ વર્ષ ભણો કે દુનિયાભરની કથા સાંભળો પણ ભેદ વધારવાવાળી કથા સાંભળો તો પછી ભેદથી અશાંતિ ઊભી થાય કેમ કે ભેદ છે એ ભય ઊભો કરે છે. **'દ્વિતીયાદ્ વૈ ભયં ભવતિ'** (બૃહ.ઉપ.૧,૪,૨) વેદોમાં કહ્યું છે કે - દ્વૈતથી શું થાય ? બોલો ? ભય ઊભો થાય. ભાગવતમાં એકાદશ સ્કંધમાં કહ્યું છે - **'ભયં દ્વિતીયાભિનિવેશતઃસ્યાદ્'**

દ્વૈતનો અભિનિવેશ કરવાથી ભય ઊભો થાય તેનાથી રાગ-દ્વેષ ઊભા થાય એટલા માટે અભેદ દર્શન કરવું. એ દ્રષ્ટિ કેળવવા માટે આ ઉપનીષદો વારંવાર શ્રવણ કરીને 'ભેદ મિટાવો દુજા'.

**'ભેદ ભ્રાંતિ કો મિટાના પડેગા,**
**શિવોહં કા ડંકા બજાના પડેગા.'**

કે ભેદ-ભ્રાંતિ મટાડવી એ જ માનવની સાધના છે જ્યાં સુધી ભેદ છે ત્યાં સુધી અશાંતિ છે, ભય છે, વાસના છે, રાગ-દ્વેષ છે. અનેક દુનિયાના જન્મ-મરણના ચક્કરો છે.

**દ્રષ્ટાંત-** એક રાજાએ સુંદર કાચનો મહેલ બનાવ્યો. બંગલો બનાવ્યો. બંગલો બનીને જ્યારે તૈયાર થઈ ગયો એટલામાં કોઈ તેનો મિત્ર હતો પણ થોડો થોડો અંદરથી રાજા સાથે વેર રાખવાવાળો હતો. એણે રાજાને ભ્રાંતિમાં નાખવા માટે કહ્યું તમારા બંગલામાં ભૂત થાય છે. તો પ્રેમ ઉપર-ઉપર હતો એટલે રાજાએ થોડું માન્યું, કહ્યું કેમ ખબર પડે ? કે મારા બંગલામાં ભૂત થાય છે. તો પેલા એના મિત્ર જે માણસ હતા તેણે કહ્યું તમે એમાં કુતરું રાખો અને પૂરી જોવો. જો જીવતું રહે તો સમજવું કે ભૂત થતું નથી અને કુતરું મરી જાય તો સમજવું અંદર ભૂત થાય છે.

તો રાજાએ કૂતરાને અંદર રાખ્યું, ખાવા-પીવાની સામગ્રી પણ રાખી અને રાત્રે લાઈટો ચાલુ રાખી. કૂતરું અંદર રહ્યું તો કાચનો બંગલો હોવાથી કૂતરું પોતે એક હતું પણ અનેક દેખાવા લાગ્યા. શું થયું ? બોલો હતું એક પણ દેખાવા લાગ્યા અનેક. હવે, કૂતરો અજ્ઞાની હોવાથી આ જુદા છે એમ સમજી ગયો. ભ્રાંતિથી એ પોતાનું જ સ્વરૂપ છે એમ સમજ્યો નહીં કેમ કે કાચ જુદા જુદા રંગના, જુદા જુદા પ્રકારના હતા, અંદરથી કૂતરું પણ જુદું જુદું દેખાય એટલે કંઈક વાંકુ દેખાય ને કંઈક સીધું દેખાય, કંઈ બીજું દેખાય, કંઈ મોટું દેખાય ને કંઈ નાનું દેખાય. તેથી કૂતરાને એમ લાગ્યું કે આ બધા જુદા જુદા છે. એટલે કૂતરાનો સ્વભાવ ખરાબ હોવાથી એ પોતાનું ખાવાનું છોડીને પેલાનું ખાવા દોડે. સામેથી પેલું કૂતરું પણ દોડે. તો બેય કાચ પાસે સામા-સામી અથડાય-ટકરાય. તો આ કૂતરો માથું ભટકાડે તો સામેથી પેલું કૂતરું માથું ભટકાડે એવું લાગે. એ મારે છે તો હું ય મારું તો એમ કરતાં-કરતાં એનું માથું ફાટી ગયું. રાજાના કાચ મજબૂત હોવાથી ન તૂટ્યા. હવે, કૂતરું સવારે મરણને શરણ થયું. રાજાએ પોલીસને ત્યાં મોકલી, જાવ કૂતરું જીવે છે કે મરી ગયું છે તો પોલીસ આવીને દરવાજો ખોલીને અંદર બધું જોયું તો કૂતરાનું માથું ફાટેલું હતું. કૂતરું મરેલું પડયું હતું. પોલીસે આવીને કહ્યું, રાજા સાહેબ ભૂત તો બહુ ખરાબ લાગે છે. કૂતરાનું માથું ફાડી નાખ્યું. કૂતરું મરી ગયું એટલે રાજાની ભ્રાંતિ વધતી ગઈ. એણે નક્કી કર્યું કે જો માથું ફાડે તો અંદર કોઈ માણસ હોય હોય ને હોય. એમનામ મરી જાય, હાર્ટ એટકથી મરી જાય, કંઈ રોગથી મરી જાય પણ આનું માથું ફાટયું એટલે કોઈ પોતાની મેળે માથું ન ફાડે પણ કોઈ ફાડવાવાળું અંદર હશે. એમ રાજાને વધારે ભ્રાંતિ બેસી ગઈ કે અંદર ભૂત છે. એટલે રાજાએ વિચાર કર્યો કે હવે, શું કરવું ? તો કે બીજું કૂતરું પૂરી જોવો, પાકુ કરો. બીજે દિવસે બીજું કૂતરું પૂર્યું તો એ કૂતરું પણ માથું ભટકાડી ભટકાડીને મરી ગયું. તો રાજાને શું દ્રઢ થઈ ગયું ? બોલો ? આમાં ભૂત થાય છે. આપણે રે'વા જવું નથી. તો સરસ સુંદર બંગલો હતો પણ રાજા રહેવા ગયો નહીં. ઘણા દિવસો સુધી બંગલો પડયો રહ્યો.

એક દિવસ કોઈ સંત મહાત્મા ફરતાં ફરતાં ત્યાં નગરમાં આવ્યા. લોકોએ નક્કી કર્યું કે મહાત્માને અહીં ચાતુર્માસ ગોઠવાવો. ચાતુર્માસમાં તો બહાર જયાં-ત્યાં બેસાય નહીં. સારું મકાન હોય ત્યાં સત્સંગ ભજન ચાલે. તો સારો કાચનો હોલ બનાવેલો હતો. લોકોએ રાજાને કહ્યું, તમારે ભૂત થાય છે તો સત્સંગ કરશો તો ભૂત નીકળી જશે. એટલે તમે આ બંગલો સત્સંગ કરવા માટે આપો. તો રાજાએ કહ્યું, સહજ સ્વીકારો, તમે સત્સંગ કરો. તમને પાથરણાને, પ્રકાશને, પ્રસાદની બધી વ્યવસ્થા કરી આપીશ. તો રાજાએ પાથરણા પણ પાથરી આપ્યા, પ્રકાશ લાઈટો સરખી કરી આપી અને પ્રસાદની પણ વ્યવસ્થા કરી આપી. સંત સત્સંગ કરવા લાગ્યા અને લોકો પ્રેમથી આવવા લાગ્યા. બે મહિના સુધી સત્સંગ ચાલ્યો. કોઈને ભૂત-ભૂત નડયું નહીં. રાજાને એમ થયું કે, હશે કે વયું ગયું હશે. શું છે ! એમ આ મહાત્માને પૂછી તો લઉં. આ મહાત્મા રાત્રે પણ અહીં સૂઈ રહે છે એટલે મહાત્માને વધારે ખબર હોય. એમ માનીને રાજા એકાંતમાં મહાત્માની પાસે જઈ કહેવા લાગ્યા, મહારાજ ! આમાં ભૂત થતાં હતા તે છે કે વયા ગયા. તમને ક્યારેય દેખાય છે ? તો મહાત્મા કહે કે આમા ભૂત હતા નહીં, છે નહીં અને આગળ થશે પણ નહીં, પેલો રાજા કહે નો'તા એ હું ન માનું. મેં પેલા અખતરો કર્યો છે. તો પ્રેક્ટીકલ કરીને હું કહું છું. મે પેલા કૂતરું અંદર પૂર્યું હતુ અને એને ભૂતે મારી નાખ્યું એટલે હું કહું છું પહેલા ભૂત હતાં. પણ હવે તમે ભજન કર્યુ ને વયા ગયા હોય તો કહો, હવે દેખાય છે કે નથી દેખાતા ? તો મહાત્મા કહે કે પેલા જે હતાને એ પણ તારી ભ્રાંતિ હતી. તારે નીકાળવી છે ? કહે છે કે નીકાળવી હોય તો આપણે બેય ઊભા છીએ ને તું કૂતરું અંદર રાખ. રાજા અને મહાત્મા બંને ઊભા રહીએ પોલીસને બોલાવીને કૂતરું અંદર પૂરાવ્યું. કૂતરું પોતાના સ્વભાવ અનુસાર ફરીને માથું ભટકાડવા લાગ્યું. મહાત્માએ રાજાને કહ્યું, જો તમારી આંખે દેખાય છે ? કૂતરું પોતે માથુ ભટકાડે છે કે કોઈ એને મારે છે ? એ કૂતરાને અંદર બીજા કૂતરા છે એવી ભ્રાંતી થાય છે એટલે માથું ભટકાડે છે અને પોતે પોતાની મેળે માથા ભટકાડી ભટકાડીને મરણને શરણ થાય છે. ત્યારે રાજાને ખબર પડી કે, આમાં ભૂત નથી પણ કૂતરું પોતે માથા ભટકાડીને મરી જાય છે તો રાજાની ભ્રાંતી ચાલી જાય છે. તો રાજાએ મહાત્માને કહ્યું કે, આ કૂતરાની ભ્રાંતી મટાડવા શું કરવું ? તો કહે એને રોજ કાચ દેખાડો અને સામે ખાવાનું મુકો. ઘડીક કાચ દેખાડો ને ઘડીકમાં કાચ ફેરવી લો ને ઘડીકમાં દેખાડો એમ કરતાં-કરતાં જો કૂતરાને દ્રઢ થઈ જાય કે આમાં

મારું જ મુખ દેખાય છે તો પછી કૂતરું માથું ભટકાડતું બંધ થઈ જશે.

**સિદ્ધાંત –** એમ જયારે મનુષ્યને સમજણ આવે ધીમે ધીમે કે બધામાં એક સચ્ચિદાનંદ બ્રહ્મ છે એ મારું જ રૂપ છે, પછી મારું-તારું થાય, દેરાણી-જેઠાણી થાય, બ્રાહ્મણ-સંન્યાસી-ગૃહસ્થ થાય, બ્રાહ્મણ-ક્ષત્રિય મારું-તારું થાય, આ પ્રાંતના ને પેલા પ્રાંતના થાય આ બધા ભેદ, ભેદ જ અનેક કાળથી જીવને ભટકાવે છે. એટલે **'ભેદ મિટાવો દુજા'** ભેદ મટાડવા માટે ઉપનિષદનો અભ્યાસ છે. **'અભેદ દર્શનં જ્ઞાનં'** એટલા માટે અભેદ દ્રષ્ટિ કરવા માટે, વધારવા માટે સાંભળવું એવી યુક્તિઓને પાકી કરતી જવી જોઈએ અને એ યુક્તિને વારંવાર મનન કરતી રહેવી જોઈએ અને અભેદ રીતે નિદિધ્યાસન કરતું રહેવું જોઈએ તો શ્રવણ, મનન અને નિદિધ્યાસન. તો ઉપનીષદોનું શ્રવણ કરવું જોઈએ, મનન કરવું જોઈએ અને નિદિધ્યાસન કરવું જોઈએ. ભક્તિ માર્ગમાં એને શ્રવણ, કીર્તન અને સ્મરણ કહે છે. સ્મરણ એટલે ધ્યાન જ કહેવાય. વારંવાર સ્મરણ કરવું એટલે ધ્યાન કરવું, કીર્તન કરવું એટલે મનન કરવું, મનન એકલા બેસીને થાય અને કીર્તન બધાને સંભળાવો એટલે બહેનોએ સારા સારા કીર્તનો, ભજનો યાદ કરવા જોઈએ. જો કીર્તન યાદ કરશો તો જ્ઞાન મોઢે થઈ જશે એટલે સાંભળવું, કીર્તનો કરવા પછી સ્મરણ કરવું. એમ સમજુ માણસોએ એનું બીજું નામ છે, શ્રવણ, મનન અને નિદિધ્યાસન.

**શ્રવણ કરીને ઉરમા ધરજો (૨),**
**ઘેર ન જાશો ઠાલા રે....**
**પ્રેમ ધરીને કથા સાંભળવા**
**આવોને મારા વ્હાલા રે...**

તો ઉપ નિ ષદ્ -'ઉપ' ઉપસર્ગ છે 'નિ' ઉપસર્ગ છે અને 'ષદ્' ધાતુથી આ ઉપનિષદ શબ્દ બનેલો છે. એનો અર્થ થાય પરમાત્માની સમીપ રહીને નિઃશેષ સર્વ બંધનોથી છોડાવી દે એનું નામ છે ઉપનિષદ. પરમાત્માની સમીપમાં લઈ જાય ને તમામ બંધનોથી છોડાવીને જીવને બ્રહ્મની સાથે એક કરી દે તમામ બંધનોથી મુક્ત કરી દે. એ આ ઉપનિષદો છે. એટલા માટે ઉપનિષદોનું ખૂબ શ્રદ્ધા પૂર્વક સેવન કરવું. ઉપનિષદમાં શંકા ન કરતાં શ્રદ્ધા વધારે વધારવી, એમાં ભેદ દ્રષ્ટિ થાય એને તોડવી અને અભેદ દ્રષ્ટિને વધારવી કેમ કે જેટલો ભેદ કરશોને તેટલો રાગ વધશે, દ્વેષ વધશે, મારું-તારું વધશે, ઈર્ષ્યા-અદેખાય વધશે અને હરખ-શોક વધશે કે આની પાસે વધારે ને મારી પાસે ઓછું એટલા માટે અનેક પ્રકારના વિકારો મનમાં આવે એ ભેદને લઈને આવે છે. તો પાંચ પ્રકારના ભેદ વિચારસાગરમાં બતાવ્યા છે, લખ્યા છે. જીવ-જીવનો ભેદ, ઈશ્વર-જીવનો ભેદ, જડ-જડનો ભેદ, ઈશ્વર-માયાનો ભેદ, જીવ અને માયાનો ભેદ. આ બધા ભેદોને મટાડવાની યુક્તિ વારંવાર શ્રવણ કરીને, પાકી કરીને, ભેદ મટાડી દેવો અને ખાસ કરીને, ભેદ કાર્ય-કારણને ન સમજવાથી ઊભો થાય છે. જેમ સોનું અને હાર એ બે નામ આવ્યા એટલે લોકો સમજી ગયા કે સોનું જુદું ને હાર જુદો. તો બોલો, હાર અને સોનું જુદું છે ? એમ જે નામ જુદા છે પણ વસ્તુ અંદર એકની એક છે એટલા માટે –

**વાયુને ખોળે વંટોળીયો, એમ ઈશ્વર જીવ,**
**વસ્તુ વિચારતા એક છે, સમ સૂત્ર સદૈવ,**
**સાંભળ શુદ્ધ....**
**પટતંતુ ન્યારો નહીં, જેમ હાટકનો હાર,**
**જડ ચેતન જગદીશમાં, તેજ પુંજ એક તાર,**
**અરસ પરસ રહે એકમાં, જેમ તરણીમાં તે જ,**
**ભિન્ન નહીં એમ બ્રહ્મથી, ઓળખો પદ એ જ,**
**સાંભળ શુદ્ધ....**

તો એ પરમાત્માના અખંડ પદને ઓળખવા માટે એને દ્રઢ કરવા માટે આ ઉપનિષદો શ્રવણ કરવાના છે. તો ઉપનિષદોમાં કઠોપનિષદને આપણે શ્રવણ કરવા તૈયાર થઈ રહ્યા છીએ. એમાં કથાના કર્તા કહે છે–

ॐ नमो भगवते वैवस्वताय मृत्यवे
ब्रह्मविद्याचार्याय नचिकेतसे च ।

તો મંગલાચરણમાં ભાષ્યમાં ઓલા કરતાં કહે છે, 'ॐ नमो भगवते वैवस्वताय मृत्यवे' ધ્યાનથી યાદ રાખો જે ગુરુ હોયને એને ભગવાન કહેવામાં આવે છે. આપણી સંસ્કૃતિમાં કોને ભગવાન કહેવામાં આવે છે, બોલો ? ગુરુને. આ ઉપનિષદ છે ને યમરાજાએ નચિકેતાને સંભળાવેલું છે. કોને ? બોલો ? એટલે અહીં યમરાજા ગુરુ છે ને નચિકેતા શિષ્ય છે. જેમ ગીતા શ્રી કૃષ્ણે અર્જુનને સંભળાવી એટલે શ્રી ભગવાન કૃષ્ણ ગુરુ છે ને અર્જુન શિષ્ય છે એટલે ભગવાન કૃષ્ણને 'ભગવાન' કહેવાય છે. એમ અહીં યમરાજા ગુરુ છે તો યમરાજાને પણ 'ભગવાન' કહેવાય છે. એટલે આપણી સંસ્કૃતિમાં ગુરુ એ જ ભગવાન છે, કોણ છે ? બોલો ? એટલે ઉપનિષદોમાં કૈવલ્યોપનિષદ્માં **'અધીહિ ભગવો બ્રહ્મવિદ્યાં'** કૈવલ્યોપનિષદ્માં પણ શિષ્યે બ્રહ્માજીની પાસે જઉને 'અશ્વલાયન' ઋષિએ કહ્યું, 'હે ભગવાન ! અમને બ્રહ્મવિદ્યા ભણાવો.'

**ક્રમશ....**

ઘનશ્યામ એલ. સવાણી
(નાવડા)

ॐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

પરમ કૃપાળુ પરમાત્માની કૃપાથી આપણને દેવોને દુર્લભ એવો ઉત્તમ મનુષ્ય દેહ પ્રાપ્ત થયો છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે, **'જન્તુનામ્ નર જન્મ દુર્લભમ્'** જન્તુઓમાં નર જન્મ-મનુષ્યનો જન્મ એ અતિ દુર્લભ છે. રામાયણમાં કાગભૂશંડીજી કાગડાના અવતારમાં હોવા છતાં તેઓ પક્ષીઓના રાજા એવા, ગરૂડજીને કહે છે કે 'મનુષ્ય જન્મ અતિ-ઉત્તમ છે.' એટલું તો ખરું કે દુર્લભ તો છે પરંતુ સાથે સાથે ક્ષણ ભંગુર પણ છે. શ્રીમદ્ ભાગવતમાં તો કહ્યું છે કે-

'दुर्लभो मानुषो देहो देहिनां क्षणभङ्गुरः ।'

મનુષ્ય જન્મ દુર્લભ તો છે પરંતુ સાથે સાથે ક્ષણભંગુર પણ છે. ચોરાશી લાખ યોની વાળાં અનેક પ્રાણીઓના દેહોમાં મનુષ્ય શરીર સિવાય બીજા કોઈપણ દેહમાં તત્ત્વજ્ઞાન-બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી. માનવદેહની દુર્લભતા શાસ્ત્રોમાં પણ કહી છે અને દેવતાઓ પણ માનવદેહને ઈચ્છે છે. તેનું કારણ એ છે કે તે મોક્ષનું દ્વાર છે. ભગવાન શ્રી શંકરાચાર્યજી વિવેક ચુડામણીમાં બતાવે છે કે આ જગતમાં ત્રણ વસ્તુ દુર્લભ છે.

**દુર્લભં ત્રયમેવૈતદ્ દેવાનુગ્રહહેતુકમ્ ।**
**મનુષ્યત્વં મુમુક્ષુત્વં મહાપુરુષસંશ્રયઃ ॥**

"મનુષ્ય જન્મ, મોક્ષની ઈચ્છા અને મહાપુરુષોનો સમાગમ, આ ત્રણેનું એક જ વ્યક્તિમાં હોવું અત્યંત દુર્લભ છે. અનેક જન્મોના પુણ્ય કર્મોનો પરિપાક થાય ત્યારે ઈશ્વરની કૃપાથી જ કોઈ ભાગ્યશાળીને આ ત્રણેની પ્રાપ્તિ થાય છે."

તો મનુષ્ય જન્મ તો મળી ગયો આપણને. તો આપણે શું કરીએ છીએ તેમાં ? એ વિચાર આપણે ક્યાં ક્યારેય કરીએ છીએ ? રોજે રોજ જેમ આપણે આવક અને જાવકના હિસાબો લખીએ તેમ આપણા કર્મોનો પણ હિસાબ લખવો જોઈએ કે આપણે કેવા કર્મો કરીએ છીએ ? કેટલા કર્મો સારા કરીએ છીએ ને કેટલા ખરાબ કર્મો (ભોળા, નકામા, કામ વગરના, વ્યર્થ કર્મો) કરીએ છીએ ? ખાઈ-પી ને ઊંઘી જવું એ કર્મો તો પશુઓ પણ કરે છે ને આપણે પણ કરીએ છીએ તો આપણામાં ને પશુમાં શો ફરક ?

**ખાના પીના સો જાના,**
**સબ કર્મ હૈ પશુ સમાના**

आहार निद्राभयमैथुनं च
सामान्यमेतत् पशुभिनराणां ।
ज्ञानं हि तेषांमधिको विशेषो
ज्ञानेन हीना पशुभिः समानाः ॥

આહાર, નિદ્રા અને ભયમાં પશુમાં અને મનુષ્યમાં કોઈ ભેદ નથી. પરંતુ મનુષ્યને ભગવાને વિશેષ રૂપે બુદ્ધિ આપી છે. જેના દ્વારા તે જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે 'જ્ઞાન વગરના પશુ સમાન જ છે.'

**ઈહ ચેદવેદીદથ સત્યમસ્તિ ન**
**ચેદિહાવેદીન્મહતી વિનષ્ટિઃ ।**

(કેનોપનિષદ-૨,૫)

આ મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને એ તત્ત્વને (પરમાત્માને) જાણ્યુ તો ઠીક છે અને જો આ ઉત્તમ દેહ પ્રાપ્ત કરીને પરમાત્માને ન જાણ્યા તો મોટી હાનિ છે કારણ કે આ મનુષ્ય જન્મ ફરી ફરીને નહીં મળે. એકવાર સમય હાથમાંથી ગયા પછી પાછો મળવાનો નથી. ભગવાન શ્રી શંકરાચાર્યજી પ્રબોધ સુધાકરમાં કહે છે કે મનુષ્યને એક એક ક્ષણ કરોડો સોના મહોર આપવા છતાં પાછી મળતી નથી. એવા મનુષ્યોનું આખું આયુષ્ય એમ જ વીતી જાય છે. આનાથી બીજી કઈ મોટી હાનિ હોઈ શકે ! ખૂબ મોટી હાનિ થાય છે કારણ કે એકવાર સમય હાથમાંથી ગયા પછી કરોડો ઉપાય કરે છતાં પાછો મળતો નથી. તેમ છતાં આ જગતના જીવો પરમાત્માને મેળવવા માટે પ્રયત્ન કરતાં નથી અને આખીને આખી જીંદગી હાડકા ચામડાના, મળ-મૂત્રના શરીરમાં રહીને મોજ-શોખ કરવામાં વેડફી નાખે છે અને તે પોતે ક્યાંથી આવ્યો છે, ક્યાં જવાનો છે એનો વિચાર કરતો નથી.

**ક્યાંથી આવ્યો ને ક્યાં જવાનો,**
**તપાસ કરને તેની રે,**
**શોધી કાઢને સદ્ગુરુ જોષી,**
**ઉકેલ આપે તેનો રે,**

તો આપણે બધા પરમાત્મામાંથી આવ્યા છીએ ને પરમાત્મામાં જ આપણે જવાનું છે.

**જ્યાંથી આવ્યાં ત્યાં જવાનું,**
**મિથ્યા માયા ફંદ જોને.**

આપણે બધા પરમાત્માના જ સંતાનો છીએ, વેદોમાં કહ્યું છે, **'અમૃતસ્ય વૈ પુત્રાઃ'** આપણે બધા

અમૃત પરમાત્માના બાળકો છીએ. આપણને બધાને પરમાત્મ રૂપ બનવાનો અધિકાર છે. જેમ આપણે બધા ભારતીયો છીએ. તો આપણને બધાને ભારતના પ્રધાનમંત્રી બનવાનો અધિકાર છે. 'ના બનવું હોય તો કાંઈ નહીં પણ અધિકાર છે.' એ જ રીતે આપણને બધાને પરમાત્મ રૂપ બનવાનો અધિકાર છે.

**''અધિકાર ખોકર બૈઠ રહના,**
**યહ ભી એક અધર્મ હૈ.''**

**દ્રષ્ટાંત–** એકવાર એક નગરમાં એક રાજા હતા. એ રાજાને એક કુંવર હતો. કુંવર ભણી ગણીને મોટો થયો બધી વિદ્યા પ્રાપ્ત કરીને યુવાન થયો ત્યારે રાજાએ વિચાર કર્યો કે હવે, કુંવર ગાદીને યોગ્ય થયો છે. તો હું તેને રાજગાદી સોંપીને વનમાં જઈને ભગવાનનું ભજન કરું. તો આ વાત તેણે કુંવરને કરી. તો કુંવર હજી બાળ બુદ્ધિનો હતો. તેણે કહ્યું કે 'હું મારા મિત્રોને પૂછી જોવ.' તો મિત્રોએ તો પોતાનો સ્વાર્થ જોયો. કારણ કે રોજ નાસ્તો કોણ કરાવે ? જે પૈસાવાળાનો છોકરો હોય તે જ કરાવે ને. તો મિત્રો તો કહેવા લાગ્યા કે હજી તો તું નાનો છે. હજી તો તારે રમવાના દિવસો છે. રાજ તો તારે આખી જીંદગી કરવાનું જ છેને. અત્યારે રાજ માટે ઉતાવળ કરવાની કોઈ જરૂર નથી.

**બાળપણું તે જીવ અજ્ઞાની,ખબર વિનાનું ખોયું જી,**
**સારું નરસું કાંઈ ન સમજયો,રમતમાં મન મોહ્યું જી,**

તો રાજકુંવર રમત રમવામાં રહી ગયો. હજી તેનું મન રમતમાં હતું તો રાજાને થયું કે હજી થોડી બાળ બુદ્ધિ છે તેથી પરાણે રાજગાદી દેવામાં પણ લાભ નહીં. ધીરે ધીરે તેના પિતા વૃદ્ધ થવા લાગ્યા. તે સમયે સમયે કુંવરને કહે કે હવે તું રાજ ગાદી સંભાળી લે પણ કુંવર ના પાડયા કરે. તો ધીરે ધીરે રાજા વૃદ્ધ થયા. શરીર ઢીલું પડયું અને રાજગાદી ઉપર કોઈ હતું નહીં. એ વાત આજુબાજુના પ્રદેશના રાજાઓને ખબર પડી તો તેઓએ ચઢાઈ કરી અને રાજ જીતી લીધુ અને રાજકુંવરને જેલમાં પૂરી દીધો. પછી રાજકુંવર જેલમાંથી મિત્રોને પત્ર લખે કે મને અહીંથી છોડાવો. પરંતુ કોઈ છોડાવા આવે નહીં. મિત્રોએ પત્ર લખ્યો કે તારા પિતા તને રાજ આપતા હતા પણ તે લીધું નહીં અને રમવામાં રહી ગયો હવે તો તું તારા બળથી જ છૂટી શકીશ.

**સિદ્ધાંત–** આ તો દ્રષ્ટાંત બતાવ્યું હવે તેના પરથી સિદ્ધાંત સમજવાનો છે કે આ આખા જગતના રાજા પરમાત્મા છે અને આપણે બધા તેના સંતાનો છીએ આપણને બધાને પરમાત્મરૂપ બનવાનો અધિકાર ભગવાને આપ્યો છે પણ આપણે તો હજુ મારે આમ કરવાનું છે ને હજી હું આમ કરી લઉં ને તેમ કરી લઉં, એમાં ને એમાં રહીએ છીએ. ને પરમાત્માને યાદ પણ કરતા નથી. આ ઉત્તમ મનુષ્ય દેહ આપ્યો છે તો આપણે પરમાત્માની પ્રાપ્તિને બદલે પેલા રાજકુંવરની જેમ આ બધી રમત ગમતમાં એટલે કે સંસારના કામોમાં રહીએ છીએ ને ભગવાનને ભૂલી જઈએ છીએ. તો જેમ રાજય ઉપર બીજા રાજાએ ચઢાઈ કરી એમ આ શરીર ઉપર ઘડપણનું આક્રમણ થશે અને આ જીવને પકડીને ગર્ભની જેલમાં નાખી દેશે. આ સરકારની જેલમાં તો બારી-બારણા પણ હશે. પરંતુ આ ગર્ભ રૂપી જેલમાં તો...અંધારી કોટડીમાં દસ મહિના રહેવું પડે ને તેમાં પણ–

**ખાટુ ખારું માતા ખાતી,**
**તેની થાતી પીડાજી,**
**કોમળ જાણી બહુ કરડતા,**
**કરમિયાને વળી કીડાજી.**

તો આ આપણને ઉત્તમ મનુષ્યનો દેહ પ્રાપ્ત થયો છે. તેનુ મૂલ્ય સમજીને આ સંસારનો મોહ ઓછો કરતો જવો અને પ્રભુ પ્રત્યે પ્રિતિ વધારતી જવી. સમજીને છોડો તો સારું છે. નહીં તો એક દિવસ તો અવશ્ય છોડવાનું છે છે ને છે. સમજીને નહીં તો પરાણે પણ છોડયા વગર છૂટકો થવાનો નથી. તેથી નિષ્કુળાનંદજીએ કહ્યું છે કે–

**સમજી મૂકો તો સારું લણુ,**
**જરૂર મૂકાવશે જમજી,**
**નિષ્કુળાનંદ કહે નહીં મટે,**
**સાચું કહું ખાઈ સમજી,**
**જનની જીવો રે ગોપી ચંદની...**

તો સમજીને આ સંસારનો મોહ ઓછો કરીને ધીમે ધીમે પ્રભુ પ્રત્યે પ્રિતિ વધારતી જવી **'કાંકરે કાંકરે પાળ બંધાય, ટીપે ટીપે સરોવર ભરાય'** એ ન્યાયે ધીરે ધીરે પણ કરતા રહેવું. ચાલશો તો રસ્તો કપાશે. કંઈ મુશ્કેલી આવે તો છોડી ન દેવું પણ હિંમતથી આગળ વધવું. દ્રઢ કરવું કે પરમાત્મા મારી સાથે જ છે. મારા હૃદયમાં જ બીરાજમાન છે. ઘટઘટમાં છે. કણકણમાં છે.

તો આપણે બધા આ અધ્યાત્મ માર્ગમાં આગળ વધીએ અને પરમાત્મા પરાયણ બનીને આ સુંદર મનુષ્ય જન્મ મળ્યો છે તેને સાર્થક કરીએ એવી જ પરમ કૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના....

સર્વત્રઃ સુખીનઃ.....

# શ્રેય અને પ્રેય

પટેલ દેવીકાબેન જે.
ઓઝરાળા

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય પરમાદરણીય શ્રી બ્રહ્મનિષ્ઠ યતિન્દ્રવર્ય વૈદિક ધર્મ ધુરંધર અનંત શ્રી વિભૂષિત માધવપીઠાધિપતિ મહામંડલેશ્વર સ્વામીજીશ્રી જગદીશાનંદસાગરજી મહારાજના ઓઝરાળા આશ્રમમાં કથા પ્રસંગ આધારિત...

પ્રત્યેક માનવની સામે બે રસ્તા છે. ઉપનિષદમાં નચિકેતાને યમરાજાએ બતાવ્યું છે. હે નચિકેતા પ્રત્યેકની અંદર શ્રેય અને પ્રેય આ બે રસ્તા રહેલા છે. તેમાં વીર પુરુષો-બુધ્ધિશાળી પુરુષો શ્રેયને માર્ગે ચાલે છે. જ્યારે મંદ બુધ્ધિના પુરુષો યોગ અને ક્ષેમને લઈને આત્મ કલ્યાણ કરી શકતા નથી, તો આપણે શેમાં ગણાવું છે. શ્રેયમાં કે પ્રેયમાં ગણાવું છે. યોગવાશિષ્ટ મહારામાયણમાં વશિષ્ટમુનિએ રામચંદ્રજીને કહે છે કે હે રામ પ્રત્યેક માનવની અંદર શુભ વાસના અને અશુભ વાસના અનાદિકાળથી ચાલી આવી છે. આ બે પ્રકારની વાસના છે.

**"પહેલી ભૂમિ નામ શુભેચ્છા તેનુ લક્ષણ એહ જોને,**
**સંસાર સઘળો અસત્ય ભાસે સદ્‌ગુરુ સાથે સ્નેહ જોને."**

જેને માટે વશિષ્ઠ મુનિ કહે છે જે ધીર ગંભીર બને છે એ શુભ વાસનામાં ચાલે છે. શુભથી શુભ મળે છે અને અશુભથી અશુભ મળે છે. એમ રામચંદ્રજીને કહે છે. જેમ જનક રાજાને ગુરુએ કહ્યું હે જનક તમારે જે કરવું હોય તે કરો. તમને આમાંથી જે યોગ્ય લાગે તે કરો. સારું કરવાથી સારું મળે ભોળું કરવાથી ભોળું ફળ મળે છે. એક પરમાત્માનો માર્ગ અને બીજો માયાનો માર્ગ છે. તો નક્કી કરો આપણે કયા માર્ગે ચાલવું છે ? પરંતુ આપણે હજી નક્કી કરી શકતા નથી. આંબો વાવવો છે કે બાવળ વાવવો છે. તો સારું શું ? તો વાવવા છે બાવળના બી. તો જેઠ મહિને જુએ કે કેરી આવે. તો કેરી આવે ખરી ? કેરી આવે નહીં, બાવળને કાંટા જ આવે. કાંટા કોઈને ગમે નહીં. સાગ વાવો અને સરગવો વાવો. તો સાગને વીસ વર્ષ સાચવવું પડે અને સરગવો વાવો તો છ મહિનામાં શાક બનતું થઈ જાય ને લાકડું પણ વધી જાય. બે બાળક હોય એકને મજૂરી કરવા અને બીજુ બાળક ભણવા મોકલો. એક વર્ષ પછી બાળક ભણીને આવે તો કંઈ ન લાવે ઉપરથી બીજા વર્ષની ફીના પૈસા માગે અને મજૂરી કરતો બાળક રોજના સો રૂપિયા લાવે તો કયું સારું ? જે પૈસા લાવે છે તે સારું લાગે છે અને નથી લાવતો એને પણ ભણવા મોકલીએ છીએ. એમ ભક્તિ કરવાની ઈચ્છા નથી અને દેખાતું પણ નથી. કોઈ કહે ભક્તિ કરવાથી કોનું કલ્યાણ અત્યાર સુધીમાં થયું ? તો અત્યાર સુધીમાં અકલ્યાણ પણ કોનું થયું ? માતા-પિતાની સેવા કરવાનું ફળ તરત દેખાતું નથી. તેથી અત્યારે કોઈ સેવા કરતું નથી. શ્રવણકુમારે આંધળા મા-બાપને લાકડાની કાવડ બનાવી ખભે ઉંચકી યાત્રા કરાવી. તો એનું કલ્યાણ થયું ને ? આટલા વર્ષો થયાં છતાં પણ આજે પણ બધા યાદ કરે છે. અદ્રશ્ય એટલે કોઈને દેખાતું નથી. ફળ ફૂલ દુર્વા એ પાણી છાંટીને ચડાવો તેનાથી પુણ્ય થાય છે. તમે માનવાના નથી પણ શાસ્ત્ર કંઈ ખોટા નથી. તમે મકાન પર માતૃછાયા-પિતૃછાયા લખાવો છો કેમ ? તો પરશુરામ અને ભીષ્મપિતાની એ પિતૃભક્તિ કહેવાય છે. પાંડવો એ માતૃભક્ત કહેવાય છે. આજ સુધી કોઈ માતાની આજ્ઞા માની નહીં હોય. અર્જૂન મચ્છવેધન કરીને દ્રૌપદીને જીત્યા. ત્યારે કુંતા માતા ઝુંપડીમાં છે. અર્જુને બૂમ પાડી માતાજી હું એક વસ્તુ લાવ્યો છું. માતાનો સ્વભાવ કેવો હોય ? માતાએ કહ્યું પાંચેય ભાઈઓ વહેંચી લો. બોલો દ્રૌપદી લાવ્યા છે તે વહેંચવાની વસ્તુ છે. છતા માતાએ આજ્ઞા કરી એટલે દ્રૌપદી પાંચ પાંડવોની પત્ની છે. આમ પાંડવો માતૃભક્ત હતા. પરશુરામ અને ભીષ્મપિતા પિતૃભક્ત હતા. ભીષ્મપિતા તેમના પિતાના વિષય સુખને માટે આજીવન કુંવારો રહીશ આ વચનનું પાલન કર્યું. આશીર્વાદ મેળવવાની જરૂર નથી. આશીર્વાદ એની મેળે મળે છે. પરાણે આશીર્વાદ મળે એ ફળે નહીં. સામેથી એવું કામ કરો જેથી તમને સામેથી આશીર્વાદ મળે. યુધિષ્ઠિર યુધ્ધ શરૂ થતાં પહેલા ભીષ્મપિતા પાસે આશીર્વાદ લેવા જાય છે. ભીષ્મપિતા ભલે સામે પાર્ટીમાં છે છતાં અંતરઆત્માથી આશીર્વાદ આપે છે. વિજયી ભવ:. ભગવાન કહે છે હે અર્જુન મારે કોઈની સાથે રાગ દ્વેષ નથી. મારે તો બધા ભૂતો, જીવો સરખા છે. કોઈની સાથે દ્વેષ કે પ્રિય નથી. આત્મા તો બધાનો સરખો છે.

ભગવાન શંકરે ગુરુગીતામાં કહ્યું હે પાર્વતી દરેકમાં સર્વ ભૂતોમાં રહેલો આત્મા એ મારો જ આત્મા છે. પ્રત્યેક માનવીની આગળ બે માર્ગ છે. સુખનો ને દુઃખનો માર્ગ. પરમાત્માનો માર્ગ અને બીજો માયાનો

માર્ગ. શુભ ભાવનાથી શુભ મળે અને અશુભ ભાવનાથી અશુભ મળે છે. હે સજ્જન તારે મુક્તિની ઈચ્છા હોય તો પાંચ વસ્તુ છોડ અને પાંચ વસ્તુ ગ્રહણ કરતાં મુક્તિ મળે છે. પાંચ વિષયોનો ત્યાગ કર અને ક્ષમા, સરળતા, દયા, સંતોષ તથા સત્યતાનું પાલન કર. જીવનમાં શુભ અને અશુભ બે માર્ગ છે. બુદ્ધિશાળી હોય તે બુદ્ધિથી, વિવેકથી કરે તો જીવતા અને મર્યા પછી પણ મુક્ત થવાય છે. જીવે મરવું તો પડશે જ. તો સાથે શું આવશે ? એના માટે ભગવાને આપણને બુદ્ધિ આપી છે. તો બુદ્ધિશાળી આત્માનું કલ્યાણ કરે છે અને મંદબુદ્ધિવાળા યોગ અને ક્ષેમની ચિંતા લઈને ભજન કરી શકતા નથી. મહેનત કરી મેળવે એનું નામ યોગ અને તેને સાચવવાની ચિંતા કરે એને ક્ષેમ કહે છે. મેળવવું અને સાચવવું એમ જીંદગી પૂરી થઈ જાય. તો શેના માટે જન્મ મળ્યો છે ? ભગવાન કહે છે કે બધાનું યોગ ક્ષેમ વહાવું છું. એમાં જીવને ચિંતા કરવાની જરૂર નથી. પોતાનું શરીર સાચવે તો પણ મરશે મરશે ને મરશે જ. સુખદુઃખ આવે પણ પરમાત્મા પર શ્રદ્ધા રાખી પરમાત્માનું ભજન કરો.

# શ્રીમદ્ ભગવદ્ગીતા સાર

અમરશીભાઈ કેરિયા,
સુરત.

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

પરમ પૂજ્ય શ્રી હરિહરાનંદસાગરજી મહારાજના મુખારવિંદથી સાંભળેલ ચાતુર્માસ નિમિત્તે સત્સંગ સાર....

પ્રિય સજ્જનો,

માનવ જન્મમાંજ ઈશ્વરની પ્રાપ્તિ કરી લેવી, એટલે કે મુક્ત થઈ જવુ, ભગવાનના ગુણ, પ્રભાવ અને મર્મનું વર્ણન ગીતા શાસ્ત્રમાં કરવામાં આવ્યું છે, તો ગીતાનું પઠન-પાઠન કરતા રહેવું, વાગળતા રહેવું, ચિંતન કરતા રહેવું એવો અભ્યાસ કરતા રહેવું.

કઠોપનિષદ્‌નો મંત્ર છે,

**ઉત્તિષ્ઠત જાગ્રત પ્રાપ્ય વરાન્નિ બોધત, ક્ષુરસ્ય ધારા નિશિતા,**
**દુરત્યયા દુર્ગં પથસ્તત્ કવયો વદન્તિ ॥**

કૃપા કરીને જાગો અને આ મનુષ્ય જીવનરૂપી (વરદાન) શરીર મળ્યુ છે તેને જાણવાનો પ્રયત્ન કરો. આધ્યાત્મ પ્રાપ્તિનો માર્ગ બહુ જ કઠણ છે. ગુઢ છે. અસ્ત્રાની ધાર જેવો તીક્ષ્ણ છે. માટે નિરંતર ભજન-કીર્તન-સત્સંગમાં લાગ્યા રહેવું. ખાલુ ન પડવા દેવું, ઈયળ ભમરી થઈ જાય તો આપણે મુક્ત કેમ ન થઈએ. ગુરૂજી શિષ્યને જ્ઞાન આપે, સમજણ આપે તેમ તેમ જીવનમાંથી સંતાપ ઓછા થાય, સત્સંગ બરાબર એક ધ્યાન દઈ સાંભળવો. તેનો વિચાર કરવો. મનન કરવું, નિદિધ્યાસન કરવુ કે આ જીવ એ જ બ્રહ્મ છે, હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું, જે વસ્તુ કયારેય દેખાય નહીં એ વસ્તુ શાસ્ત્રથી દેખાય છે. ઉપનિષદમાં એનો ઉલ્લેખ છે કે આ જીવ છે તે બ્રહ્મરૂપ છે. આવો અનુભવ થાય ત્યારે મોક્ષ થાય છે. પોતાની વાતને સાબિત કરવા માટે બીજાની જરૂર ન પડે. તે બુધ્ધી દ્વારા સમજાશે. વ્યાસ ભગવાન એ બ્રહ્મનો અવતાર છે. એનું જ્ઞાન બ્રહ્મસુત્રમાં વૈયાસિક ન્યાયમાળા દ્વારા સમજાવતા કહે છે કે આ દેહ અને દેહી જુદા છે, જેમ કે સોનાના ઘરેણાં, સોનું અને અલંકાર જુદા છે, પણ વાસ્તવમાં અલંકારો સોનાથી જુદા નથી. તે બન્ને એક જ છે. તેમ આત્મા અને પરમાત્મા બન્ને એક જ છે. આ જ્ઞાન જીલવાની જિજ્ઞાસા કરવી જોઈએ.

શિષ્યનું કર્તવ્ય શું ? તો કે ગુરૂની સાથે આદરતાથી વર્તવું જોઈએ અને એની આજ્ઞામાં રહેવું જોઈએ. સેવા કરવી જોઈએ અને નિત્ય વંદન કરવા જોઈએ.

ગુરૂ દેહ અને આત્માનું જ્ઞાન આપે છે. એ જ જ્ઞાન ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને આપ્યું. આત્મા છે તે અવિનાશી છે. જેનાથી વ્યાપક સંસાર ચાલે છે. ગુરુજીએ જે વાત કરી છે તે પુરેપુરી માનવી. ગુરૂસેવા કરી જ્ઞાન લેવા હંમેશા તત્પર રહેવું. વેદાંતના વાક્યથી આ બધુ સમજાશે. બ્રહ્મને જે જાણે છે તે બ્રહ્મરૂપ થઈ જાય છે. જીવન મુક્ત થઈ જાય છે, તો સારા કર્મ કરવા, એમા આળસ ન કરવી. સર્વોને પરમાત્મા સુખ સંપન્ન બનાવે એ પ્રભુ પાસે પ્રાર્થના....

ૐ શાંતિ શાંતિ શાંતિ....

## ❋ દેહ અભિમાન ટાળો

ગોરધનભાઈ જે. ગાબાણી
પીપળીયા

મનુષ્ય અવતાર તે દિવ્ય મહાન અવતાર છે. સંસારમાં ઘણા દુઃખો આવે છે. તેનું મુખ્ય કારણ દેહ-અભિમાન છે. આ દેહ અભિમાનને કારણે જ મનુષ્યને અનેક દુઃખો પ્રાપ્ત થય છે. દેહને મારો માનવાને લીધે મનુષ્ય આ સંસાર ચક્રમાં પડે છે અને ભોગો ભોગવે છે અને જે સંબંધ સુખદાતા આત્માને ભુલી જાય છે. અજ્ઞાની જીવો દેહની સાથે સંબંધ જોડે છે અને જયારે દેહના નુકશાન કે હાની થાય છે ત્યારે તે શોક કરે છે અને દુઃખ અનુભવે છે અને દેહની જે ઈચ્છા સયોગ અને માન ન મળતા ક્રોધ કરે છે. મનને અશાન્ત કરે છે અને બીજાઓની સફળતા જોતા ઈર્ષા કરે છે. આમ મનુષ્ય પોતાની મનની શાન્તિ ખોઈ બેસે છે અને ભોગોમાં ભાન ભુલે છે અને તેમાં આનંદ માને છે અને તેઓ મોટી મમતા રાખે છે. પોતાના કાર્યોને સુધારવાને બદલે તે બગાડે છે, કે મારી જીવનનૌકા સંસારના ચક્કરમાં ફસાઈ ગઈ છે. ગમે તેવા ભોગો ભોગવીને તે પોતાનો વિવેક, સહન શીલતા ગુમાવી બેસે છે. જે મનુષ્ય સ્ત્રી, પુત્ર, ધન સાચવવા મહેનત કરે છે. જેટલુ તે પેદા કરે છે. તેથી વધુ તેટલો જ તેનો લોભ કરે છે. આમ તેની તૃષ્ણા ઓછી થતી નથી. વધતી જાય છે. આમ અસંતોષના કારણે તે વધારે દુઃખી થાય છે. શાન્તિ મળતી નથી અને તે પોતાના દેહ પ્રત્યે અભિમાન કરે છે. જયારે તે અભિમાની વ્યક્તિને બીજો કોઈ માન આપતો નથી ત્યારે તેના મનમાં દુઃખ થાય છે. દેહ અભિમાન જ સર્વ પ્રકારના રોગો દુઃખોનું મુળ કારણ છે. સર્વ દુઃખો ઉપાધિઓના દેહ અભિમાનથી જ થય છે. માટે જીવનમાં નિત્ય સત્સંગ કરવો, દેહ અભિમાન માનવને સંગ સારો થવા દેતો નથી. સદ્‌ગુરૂજીની સેવા કરવાથી જ દેહ અભિમાન ટળે છે. સદ્‌ગુરૂની સેવા કરવાથી જ પ્રસન્ન થાય છે ને અંતઃકરણ શુદ્ધ થાય છે. અંતઃકરણ શુદ્ધ થયા વિના જ્ઞાન થતુ નથી. જ્ઞાન વિના કોઈને શાન્તિ મળતી નથી. જીવનમાં પહેલા વિવેકની જરૂર છે. સત્સંગ વિના વિવેક થતો નથી. વિવેક એને કહેવાય સાચું શું ને ખોટું શું - આત્મા સત્ય છે, ને શરીર અસત્ય છે. આત્મા ચેતન છે. શરીર જડ છે. - આત્મા આનંદ સ્વરૂપ છે ને શરીર દુઃખરૂપ છે. આત્મા પૂર્ણ છે. જગત અપૂર્ણ છે. હંમેશા યાદ રાખવુ કે હું શરીર નથી પણ આત્મા છું. આત્મા સત્ય છે - ચેતન છે ને આનંદ છે ત્યારે દેહ અસત્ય છે, જડ છે ને દુઃખરૂપ છે આત્મા સદા રહે છે. એટલે સત્ય છે. જે સદા રહે તે જ હોય સદા ન રહે તે અસત્ય હોય. શરીર કાયમ રહેતુ નથી એટલે અસત્ય છે. માટે શરીરનો મોહ છોડી પોતાના આત્મામાં સ્થિર રહેવું.

## ❋ નિત્યકર્મ

લતા એ. માંગુકિયા
દડવા

પરમ બ્રહ્મ પરમાત્માની કૃપાથી ભારતની દિવ્ય અને પવિત્ર ભૂમિ પર માનવ જન્મ મળ્યો છે. તો આ ભૂમિ પર અનેક મહાન ઋષિઓ અને મહાપુરૂષો થયા તેણે આપણને બતાવ્યું છે કે માનવે પોતાનું નિત્યકર્મ એટલે પ્રભાતે પૂજા પાઠ અને સાંજે આરતી-ધોળ-પ્રાર્થના કરવું જ જોઈએ અને બાળકોને સારા માર્ગે વાળવાનો પ્રયત્ન કરવો જોઈએ.

જો પેલા માતા-પિતા પાઠ-આરતી કરતા હોય તો જ બાળક શીખે છે. બ્રહ્મલીન સ્વામિજી મહારાજ કહેતા હતા કે સંતાન તમારૂં જીવતુ જાગતું ધન છે. જો તે બગડશે તો પછી પછતાવાનો વારો આવે છે. બાળકને ગાળ શિખવાડવી નથી પડતી તે તેની જાતે જ શિખીને આવે છે. સારા માર્ગે વાળવાનો ખુબ પ્રયત્ન કરવો પડે છે. બાળકને નિત્યકર્મ નહીં શિખવાડો તો આપણી પરંપરાનો ખ્યાલ જ નહીં આવે. ઘણા લોકો એમ કહે છે કે અમારી પાસે ટાઈમ નથી તો ચોવિસ કલાક તો બધાની પાસે છે પણ, નડે છે શું ? તો આળસ નિત્યકર્મ ચુકયા નથી.

ગુરૂગીતામાં ભગવાન શંકર પાર્વતીજીને કહે છે - શ્લોક ૬૪

**મદાહંકારગર્વેણ તપોવિદ્યાબલાધિકાઃ**
**સંસાર કુહરાવર્તે ઘટીયંમ યથા પુનઃ**

માણસ મદ અને અહંકારના લીધે ઘડીયાળના યંત્રની સમાન ફરી ફરી સંસારના ચક્રમાં ભટકે છે. તો આવો અવસર મળીયો છે તો ભગવાનનું ભજન કરીએ અને બીજાને પણ શિખવાડીએ. ગુરૂગીતા અર્થ સહિત વાચો તો ખ્યાલ આવે છે. ઘણા લોકો એમ કહે છે રોજ રોજ શું પાઠ-આરતી કરવી રોજ એકનું એક જ તો રોજ ભોજનની જરૂર છે. તેમ ભજનની પણ જરૂર છે. ભગવાન શંકર પાર્વતિજીને ગુરૂગીતા કહી છે. જીવના કલ્યાણ માટે માનવે સવારે બ્રહ્મમૂહર્તમાં જાગીને નિત્યકર્મ કરતા થવું જોઈએ. જે સ્વામિશ્રી માધવાનંદજીના અનુયાય છે તેને પાઠ-આરતી ધોળ-પ્રાર્થના આવડવું જ જોઈએ.

# સુખકર ઘડપણ (જીવન સંધ્યા)

હસમુખ પટેલ

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

જીવન સંધ્યાનું મૂલ્ય નથી સમજાયું એવા દિશાશૂન્ય હજારો અને લાખો વડીલો જીવન સંધ્યાના સમયને મોટામાં મોટી પીડા સમજતા હોય છે. પરંતુ જીવનસંધ્યાનો સમય પીડાદાયક નથી. સુખદાયક છે. પરંતુ એ જીવનસંધ્યાના અમૂલ્ય સમયનો વાસ્તવિક ઉપયોગ કરતા આવડે તો, આ "જીવનસંધ્યાએ...." જીવનસંધ્યાના અમૂલ્ય સમયનો ઉપયોગ શું છે તે અંગે મિત્રો આ લેખ દ્વારા માર્ગદર્શન આપવા કોશીશ કરી છે. લખાણ દ્વારા મારા વિચારો રજુ કર્યા છે. ભૂલચૂક થાય તો ક્ષમા કરવા વિનંતી. વ્યક્તિગત કોઈ મન ઉપર લેશો નહીં.

વડીલ તરીકેનું બિરુદ પામનારે જીવનની વિવિધ પરિસ્થિતિઓ જોઈ છે. તો વળી, સંસાર વ્યવહારના તડકાં-છાયા, આબાદી-બરબાદી, આપત્તિ-વિપત્તિ, સહાનુભૂતિ-નફરત, આદર-તિરસ્કાર ઉપરાંત ભૂલ-પશ્ચાત્તાપ જેવા અનેક ખાટા-મીઠા, તીખા-મોળા અનુભવોમાંથી પસાર થવાનો કડવો આસ્વાદ વડીલે અનુભવ્યો છે. એ વડીલો જ યુવાનોના અને બાળકોના આદર્શ ઘડવૈયા છે અને એટલે જ તો વડીલનું સ્થાન સર્વત્ર મોખાનું છે અને રહેશે. જીવન સંધ્યાએ પોતાના કુટુંબ-પરિવારના સભ્યોનું સંસ્કાર અને દિવ્યજીવનનાં મૂલ્યોનું સિંચન કરી નવતર ઘડતર કરવું એ પણ વડીલની બહું મોટી સેવા છે.

વડીલનું વડીલપણું માત્ર ઉંમરના આધારે જ નહીં. પરંતુ પરિપક્વ દ્રષ્ટિકોણ ઉદાર અભિગમ, મોટું મન, નિઃસ્વાર્થ પ્રેમ અને ઉંમરને અનુચિત વર્તન કરીને જ શોભે છે. ભેદભાવ વૃતિ અને શંકાશીલ દ્રષ્ટિ તથા હઠ, માન, ઈર્ષ્યા, ક્રોધ, દુરાગ્રહ એ આદિ ક્ષુલ્લક વર્તનથી પર થઈને સાચા અર્થમાં વડીલ બનવાથી જ વડીલ પૂજનીય અને આદરણીય બને છે.

જીવન જીવનાર બહુધા વ્યક્તિઓનાં જીવનનાં લક્ષ્ય, ઈચ્છાઓ, આશા અને અરમાનો સાંસારિક સુખ ભોગવવા તરફનાં તથા વ્યવહારમાં વધવાનાં જોવા મળતા હોય છે. તેને પામવા તે જ કાંઈ સહન કરવું પડે તે કરવા તૈયાર રહે છે. સાહસ, હિંમત, યુવાનીનું જોર આ બધાના બળે વ્યકિત પોતાના લક્ષ્ય તરફ આગળ વધ્યા કરે છે. અને એમાં એનું અડધા કરતાં પણ વધારે આયુષ્ય વીતી જાય છે. કારખાનામાં ચાલનાર મશીનોની પણ અમુક વર્ષો પછી કાર્યક્ષમતા ઘટી જાય છે અને અંતમાં તે બિનઉપયોગી બની જાય છે. તેમ આ દેહ પણ ઉંમર થતાં સાથ આપવાનું બંધ કરે એ પહેલાં જે કરવાનું બાકી રહી ગયું છે તે કરી લેવું જોઈએ. સંસાર-વ્યવહારનું તો ખૂબ કર્યું હોય છે પરંતુ ભગવાન અને સત્પુરુષને રાજી કરવાનું તથા આધ્યાત્મિક માર્ગે વધવામાં કર્યું હોતું નથી, એ કરવા માટેની ઉત્તમ ઉંમર એટલે વૃધ્ધાવસ્થા-વડીલ અવસ્થા, જે ઉંમરે વડીલના માથેથી સંસાર-વ્યવહારના બોજની મુક્તિ થઈ ગઈ હોય છે ને મહત્તમ સમય નિવૃત્તિમાં જ પસાર કરવાનો હોય છે.

પારિવારિક મૂલ્યોને નિભાવનાર, જાળવનાર, ટકાવનાર, આગળ ધપાવનાર કોઈક છે. પરિવારમાં અનેક સભ્યોને સાચવનાર તથા સ્નેહના તંતુથી બાંધી રાખવામાં કોઈ એક વ્યકિતનું પ્રદાન હોય છે. અને તે વ્યક્તિ છે ઘરની મુખ્ય વ્યક્તિ "વડીલ", પ્રત્યેક પરિવારમાં વડીલનું સ્થાન મોખરાનું ને આદરણીય હોય છે.

કુટુંબમાં અથવા ઘરમાં કોઈ પ્રશ્ન હોય પછી ચાહે તે ભણતરનો હોય, લગ્નનો હોય, વેપાર-ધંધાનો હોય કે મરણ-પ્રસંગનો હોય, તેમાં આખરી અભિપ્રાય ઘરની મુખ્ય વ્યક્તિ તરીકે વડીલનો જ રહેતો. સહુ કોઈ વડીલના દબાણથી નહીં પણ પ્રેમથી, માનથી એ અભિપ્રાય કે આદેશને સહર્ષ સ્વીકારી લેતા. એનું પરિણામ કદાચ સફળતા અપાવે કે નિષ્ફળતા પણ બધાયનો સૂર એક સરખો જ રહેતો. વડીલપણાનો ભારોભાર આદર જાળવતાં. ઘરનાં મહિલા સભ્યો પણ એમના સ્થાનનો આદર જાળવતાં, વડીલો ઘરમાં બેઠા હોય ત્યાં સુધી ઊંચા અવાજે બોલી શકાતું નહીં. વસ્ત્ર પરિધાન બાબતે પણ ખૂબ જ સાવધાની રખાતી. વડીલ વ્યક્તિને પુત્રો કે પુત્રવધૂઓ પગે લાગી આશીર્વાદ મેળવતાં. આવી હતી એક અનોખી દાસ્તાન વડીલોની અને વડીલોના અતીતની જે વર્તમાન કાળે એક અતીત જ બની રહી છે. વડીલોના અતીતની આ મહિમાવંત ગાથા સાંભળી પ્રત્યેક વડીલોના માનસપટ્ટ પર એવા જ વિચારો સ્ફૂરી આવે કે આવો માન મરતબો. આદર-મર્યાદા અને દબદબો અમારો પણ જળવાયતો ! અને જળવાવો જ જોઈએ એ પણ હકીકત છે. પરંતુ વર્તમાન કંઈક જુદો છે. વડીલોનો એ અતીત. અતીત જ બની રહ્યો છે. આજ બન્યો નથી.

આ બનવાનું કારણ શું ? આના માટે જવાબદાર કોણ ? શું પરિવારના સભ્યો કે પછી વડીલ પોતે જ ? એ તો પ્રત્યેક વડીલે તટસ્થભાવે વિચારવું જ રહ્યું.

દાદા-દાદી પાસે બાળકોનાં માતા-પિતા કરતાં વધુ સમય હોય, નિરાંત હોય, એમના ભૂતકાળના અનુભવોની રસમય વાતો હોય, વાર્તાઓનો તો એમની પાસે ખજાનો હોય, સાધારણ રીતે એમનાં મા-બાપ એમની સાથે બહુ કડક હોય. જ્યારે દાદા-દાદી મુલાયમ ને મૃદી હોય, ખાસ કરીને કિશોર વયનાં પૌત્રપૌત્રીઓ માટે દાદા-દાદીનો સહવાસ વધુ લાભદાયક હતો કારણ કે એમના મિત્રો કરતાં દાદા-દાદી વધુ સ્નેહાળ અને શાણાં હતા. સંતોના સમાગમથી નિષ્ઠાથી થયેલી દ્રઢતા તથા આધ્યાત્મિક માર્ગની સમજણ વગેરેનો દાદા-દાદી પાસે અખૂટ ભંડાર હતો. પ્રાતઃકાળે વહેલા ઊઠી જવું. ભગવાનના પૂજા-પાઠ કરવા. મીઠા હલકારે પ્રભાતિયાનું ગાન કરવું. મુખપાઠ કરેલ ભજન ગાવા વગેરે બાબતો પથારીએ પોઢેલા બાળમાનસ પર જબરજસ્ત અસર કરતી હતી. જે એને વિશ્વંભરની કોઈ દુકાનેથી નથી મળવાનું તે એને સહેજે આવાં પ્રેમાળને સંસ્કારી દાદા-દાદીઓના સહવાસથી સૂતાં સૂતાં મળી જતાં.

વર્ષોથી ઘરનાં વડીલો દ્વારા આવું અનોખું કાર્ય પરિવારજનો માટે થતું આવ્યું હતું. જેની વર્તમાન કાળે આજના સમયમાં ઓછપ વર્તી રહી છે. આજના વડીલો પોતાનું આ કર્તવ્ય ભૂલતાં જાય છે. મોટા ભાગે આજના વડીલોને નિવૃત્તિના સમયમાં બાળકોને સત્સંગની વાર્તાઓ કરવી કે સંસ્કારો શિખવવાનું ગમતું નથી. તેમને તો ટી.વી. સામે બેસી રહેવું તથા પરથેર ટોર ટપ્પા કરી વાતોના ગાંસડા બાંધવામાં સમય વિતાવવો વધુ પસંદ પડે છે. બાળકોમાં તથા યુવકોમાં સંસ્કારનાં મૂળ રોપનાર વડીલ જ આજે ઘણીવખત જગત સંબંધી કુસંસ્કાર રેડનાર બની જાય છે જેથી આજની પેઢી વડીલોને સંયુક્ત પરીવારમાં સાથે રાખવા ઈચ્છતી નથી.

જે વડીલો આત્મીયતાના સેતુ બની પરિવારને એક તાંતણે જોડી રાખનાર હતા એજ આજે જ્યારે ઘરઘરમાં આત્મીયતાના સેતુને તોડનાર બની રહ્યાના સૂર સંભળાય છે, જે પરિવારોમાં પ્રત્યેક સભ્ય વડીલના સહવાસને ઈચ્છતા હતા. એ જ આજે એમના સાનિધ્યથી દૂર રહેવા માંગે છે.

આજના સમયના પરિપ્રેક્ષ્યમાં સહુથી વધુ દયનીય હાલત વડીલોનીને વૃધ્ધોની જોવા મળે છે. એમને કુંટુંબના અન્ય સભ્યોથી પોતે અલગ, અળગા હોય એવું અનુભવાય રહ્યું છે. પોતાના આત્મીયજનો વચ્ચે જ પોતે પરાયા થઈ જવાનો ભાવ તેમને થઈ રહ્યો છે.

અનેક વૃધ્ધો અને અસહાય મા-બાપ સંતાનોથી અપમાનિત અને હડધૂત થતાં હોય છે. વધતી જતી આયુમર્યાદા, જીવનનો સતત સંઘર્ષ, બે પેઢી વચ્ચેનું વૈચારિક અને રહેણીકરણીનું વધતું જતું અંતર, બદલતા જતાં સામાજિક મૂલ્યો વગેરે એના માટે કારણભૂત છે. પરંતુ વડીલો સમય પ્રમાણે બદલાય સકતા નથી. વાસ્તવિકતા સ્વીકારી શકતા નથી. તેથી તેઓ અળગા બની જાય છે તે પણ હકીકત છે. પરિણામે વડીલો યુવાન સંતાનોને ત્રાસરૂપ લાગે છે.

આ અજુગતી અને વહાવિચારી સ્થિતિ સંજોગોનું સર્જન થવા માટે અન્યને કારણભૂત ઠરાવતા પૂર્વે વડીલ તરીકે આપણે પોતે પોતાની તપાસ કરવી અતિ આવશ્યક છે. કારણ આ સ્થિતિ-સંજોગ સર્જાવવાનાં મૂળમાં મને તો ત્રણ જ બાબતો મિત્રો કાર્યરત્ત જણાય છે. (૧) વડીલ તરીકેની આપણી વાણી (૨) વડીલ તરીકેનું આપણું વર્તન અને (૩) વડીલ તરીકેના આપણા વિચારો તથા અભિગમો.

બધી જ નવી પેઢી અસંસ્કારી છે. કુછંદે ચડેલી છે. માતાપિતાના જુનવાણી વિચારધારા પ્રત્યે તેઓની નારાજગી છે. આદર નથી. બધે જ બગડેલું છે. નવી પેઢી સાવ રસાતળ થઈ ગઈ છે. ખરેખર સાવ એવું તો નથી જ. પરંતુ જરૂર પશ્ચિમી સંસ્કૃતિનો વાયરો. તેની અસર નૂતન પેઢી પર પડી છે. છતાં પણ આપણાં પારિવારિક સંસ્કારો, કૌટુંબિક મૂલ્યો, આપણી રીત-રસમ તેમજ સંતોના સંગના પ્રભાવે ઘણી ખરી નૂતન પેઢી હેમખેત બચી ગઈ છે ને બચાવી શકાય તેમ પણ છે.

"દીવાથી દીવો પ્રગટે" પરંતુ કેવા દીવાથી બીજો દીવો પ્રગટે એ સમજવું બહુ જરૂરી છે. ઓલવાયેલા દીવાની સાથે ગમે તેટલી વાર બીજાને દીવાને અડાડવાથી એ દીવો કદી પ્રજવલિત થતો નથી જ. એટલે જ કહ્યું છે કે, દીવો ખરો પરંતુ "પ્રગટેલા દીવાથી જ બીજો દીવો પ્રગટે" પ્રગટેલા દીવાને ઠેકાણે ઘરનાં વડીલ છે. વડીલ સંસ્કારના પ્રેરણાસ્ત્રોત જરૂર છે. પરંતુ કેવા વડીલ ? એ પ્રશ્ન સમજવો બહુ જરૂરી છે.

ક્રમશ...

# વાસના અને ચિત્ત શુદ્ધિ તથા તેનો ત્યાગ

લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી
(ચકમપર)

ॐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

હવે જો વાસના સમ્યક ન તજી હોય અને કાંઈક રહી હોય તો તે વાસના પાછી વધીને બન્ધન કરે છે. જે પ્રકારે અગ્નિનો એક પણ કણ માત્ર જો શેષ રહ્યો હોય તો જયારે કાષ્ટાદિક તૃણાદિકનો સંગ થાય ત્યારે હજાર ગણો વધે છે તે પ્રકારે ભોગની વાસનાનો અંશ પણ જો એક લેશ માત્ર રહ્યો હોય તો જયારે વિષયાદિકનો સંગ થાય ત્યારે કોટી કોટી વધે છે અને વાસના વધી એટલે જન્મ મરણ પણ વધે છે. કેમ કે વ્યાધિ રોગનો અને દ્વેષનો પણ જો કણ માત્ર શેષ રહ્યો હોય તો તે વધે છે તે કેમ કે સ્નેહ જે અનેક પ્રકારનો રાગ નામ મોહ અને વેર ભાવ અને વિષ જે ઝેર એ સર્વેનો જે શેષ લેશ માત્ર જો રહ્યો હોય તો તે પણ જેમ પીડા કરે છે તેમ ભોગની વાસનાનો પણ જો અલ્પ થોડો પણ જે શેષ રહે છે તે જન્મ મરણ દુઃખની પીડા આપે છે માટે સચ્ચિદાનંદને નામ સ્મરણ જ્ઞાન, ધ્યાનને અભ્યાસે કરી જે વાસનાનો ત્યાગ કરવો તે જ સર્વ બન્ધનનો ત્યાગ જાણવો અને વાસના જ સર્વ બંધનરૂપ થઈ છે તો જો વાસનાને ત્યાગે સર્વ બંધનનો ત્યાગ થાય છે. હવે ભોગની વાસનાનો અન્તર બાહ્યથી સમ્યક્ ત્યાગ કરીને જે પુરુષ રહે છે તે પુરુષ છતાં દેહે મુક્ત જાણવો. સચ્ચિદાનંદ સ્વયં જ્યોતિને દર્શને કરીને અત્યંત બાળ્યું છે. વાસનારૂપી બીજ તે જેણે અને વાસના બીજને બાળીને સત્તા સામાન્ય નામ કૈવલ્ય બ્રહ્મ સ્વરૂપવાન જે પુરુષ થઈ રહ્યો તે પુરુષ દેહ સહીત જીવનમુક્ત હોય અથવા દેહમુક્તિને વિદેહ મુક્તિને પામીને વિદેહ સ્વરૂપ થયા હોય પણ તે પુરુષ ફરીથી જન્મ મરણ દુઃખને ભોગવનારો નથી થાતો અને આ સર્વ જન્મ મરણ રૂપ જગત ભાવે કરીને જે ચિત્ત ભાસ્યું છે તે ચિત્તનો તત્ત્વ દર્શને કરીને જે પુરુષે નાશ કર્યો છે તે પુરુષ ફરી જન્મ મરણ દુઃખને નથી ભોગવતો અને હવે જે પુરુષે તે ચિત્તનો નાશ નથી કર્યો તે પુરુષ જન્મ મરણનું દુઃખ ભોગવે છે. આ સર્વ જગત પ્રવર્તે છે. તે સર્વ જગતને ભાવે કરીને ચિત્ત જ પ્રર્વતમાન ભાષ્યુ છે અને દેહ ઈંદ્રિય પ્રાણાદિક સર્વે આકારના સમુહરૂપે કરીને ચિત્ત જ થયુ છે. તે ચિત્તના નામ કહે છે. સર્વનું ચિત્તવન કરે છે માટે ચિત્ત કહીએ અને પ્રાણધારક રૂપે ભાષ્યું માટે જીવ કહીએ. અને સંકલ્પ-વિકલ્પ રૂપે કરીને ભાષ્યું છે અને વાસનારૂપ જે ચિત્ત છે તેને બુધ્ધિનામ પ્રવૃતિ કહીએ. કેમ કે સર્વ જગતનું કારણ છે અને તે વૃદ્ધિને પામે છે. માટે મહતત્ત્વ કહીએ અને સર્વનું અભિમાન ધારણ કરે છે. માટે તેને અહંકાર કહીએ અને સર્વે ઈન્દ્રીયોનાં દ્વારે એ આવીને સર્વે વિષયોને ગ્રહણ કરે છે માટે ઈન્દ્રીયો કહીએ એ છે. આદી આદિ જેમને વિષે એવા ક્રિયાને યોગ્ય વ્યાપાર વડે કરી ચિત્તના નામ કહ્યા છે અને વ્યાપાર વીના તો શાના કહીએ. ત્યાં આ દ્રષ્ટાંત જેમ કોઈ બ્રાહ્મણ છે તે જયારે રસોઈ કરે ત્યારે રાંધવાવાળો કહેવાય છે અને જયારે પુસ્તક લખે ત્યારે લેખક કહેવાય છે અને જયારે બાળકોને ભણાવે ત્યારે પંડીત કહેવાય છે અને જયારે માર્ગે ચાલે ત્યારે પથિક કહેવાય છે તેમજ ભોગની વાસનારૂપ ચિત્ત જેવી જેવી ક્રિયા કરે છે તેવાં-તેવાં તેના નામ પડે છે માટે ચિત્ત જ સર્વરૂપ થયું છે. પરાત્મ બોધે કરીને જે એવા મિત્રનો ત્યાગ કરવો તે સર્વનો ત્યાગ જાણવો અને વિષયને ચિંત્તવનારું જે ચિત્ત તે ચિત્તને તજે છતા સર્વ પાસાથી દ્વૈત અદ્વૈત એક અનેક ભાવની કલ્પનાનું સમુહ સર્વ લયને પામે છે અને કલ્પના માત્રનો લય થયા પછી સર્વ વિકાર રહીત અનામય અને જન્મ મરણ સન્તાપ રહીત શાન્ત, સુખરૂપ એક એવુ સચ્ચિદાનંદ પરબ્રહ્મ અશેષ રહે છે માટે ચિત્તનો ત્યાગ કરીને જે કલ્યાણરૂપ પરમાત્માનો સાક્ષાત્કાર બોધ પામવો તે જ સર્વનો ત્યાગ જાણવો અને સચ્ચિદાનંદને નામ સ્મરણ જ્ઞાન ધ્યાનને અભ્યાસ કરીને જે ચિત્તનો ત્યાગ કરવો તે ચિત્તના ત્યાગને જ સર્વ પુરૂષ માત્ર એ શું જાણવાને શક્ય નથી. નામ, દેવ, દૈત્ય, નાગ, મનુષ્યાદિક સર્વે પુરૂષો જેને જાણવાને સમર્થ નથી એવું શું વસ્તુ છે ? તો આ રીતે કહેતા કહે છે કે સ્ત્રીના મનનું જે ચરિત્ર તે કોઈ જાણવા શકય નથી કારણ કે સ્ત્રી તો સ્વભાવ થકી મહામલીન છે અને તેના મનનું જે કામ ભાવે કરીને કરેલું એવું જે ચરિત્ર છે તે તો અત્યંત મલીન છે તો જો મહા મોટા મોટા પુરૂષોએ પણ સ્ત્રીના મનનું ચરિત્ર જાણવાને શક્ય નથી જ, તેવું શિવપુરાણ ને વિષે પણ કહ્યું છે અને અમૃત જે જુઠ્ઠુ બોલવું અને સાહસ જે ઘટિત-અઘટિત આગળ પાછળ વિચાર વિના સહસા કામ કરવું અથવા અમથું નિમિત્ત વિના હસવું અને માયા જે અન્તરમાં કપટ રાખીને ઉપર થકી પુરૂષને મોહ પમાડવાની ક્રિયા અને મૂર્ખપણુ જે જયારે અવલીમા આવે ત્યારે કોટીવાર સમજાવી સમજે નહીં અને અતિ

લોભીતા પણુ જે પોતાના સ્વાર્થ માટે અથવા જો જાર પરપુરૂષ સાથે જોઈ લીધુ હોય તો એક ઘડિના ભોગને અર્થે આખી ઉંમરનો ભોક્તા જે પોતાનો પતિ તેને મારે છે અને ધનના સ્વાર્થ માટે તો પતિને, પુત્રને, ભાઈને, પિતાને ગમે તેને મારે અને શૌચ નામ પવિત્ર પણુ તો સ્ત્રીને વિષે ક્યારેય હોય જ નહીં અને નિર્દયપણુ તો કેવુ જ તૃણ તોડીયા જેટલી પણ પુરૂષને મારતાં વાર લગાડે નહીં એટલા તો જે માટે સ્ત્રીને વિષે સ્વભાવ થકી દોષ રહ્યા છે તે માટે સ્ત્રીના મનનું જે ચરિત્ર છે તેને કોઈ જાણવાને સમર્થ નથી. વળી ગમે તેવા પંડિત હોય તથા ગમે તેવા ચતુર હોય અને મહા મોટા જ્ઞાની હોય તે સર્વે શાસ્ત્રના અર્થ જાણે તથા ભૂત ભાવિષ્ય વર્તમાનને જાણે અને ચૌદ લોકને જાણે એવા સમર્થ હોય તો પણ સ્ત્રીના મનના ચરિત્રને જાણવાને સમર્થ નથી એટલે સ્ત્રીના મનના ચરિત્ર ગહન છે. તે ચરિત્ર આત્મ પુરાણને વિષે પણ કહ્યા છે અને કોઈ સમે પોતાના પુરૂષને ખાવા પીવાના નાના પ્રકારના ઉપચારોએ કરીને સ્ત્રી માને છે અને ક્યારે પણ કાને કરીને ન સંભળાય એવા બાણરૂપ અત્યન્ત દુઃસહ વચનોએ કરીને એ પુરૂષને સ્ત્રી ખીજે પણ છે નામ મહાકઠોર કાનોને બાણ જેવા લાગે એવા વચનોએ કહીને સ્ત્રી પોતાના પુરૂષને બીવરાવે પણ છે એટલે કેટલીક સ્ત્રીઓ પોતાના પતિને ખીજીને કહે છે જે હે પીટણજી શું ખાવું તારૂ કાળજુ અને જો તુ મર તોએ સારૂ એમ કહે છે અને કોઈક સમે પણ પોતાના પુરૂષને સ્ત્રી કહે છે જે હે નાથ દેહ થકી અને પ્રાણ થકી અને બીજા સર્વ થકી મારે તો તમો અધિક છો એટલે હે નાથ હું અબળા છું અને તમો મારા નાથ નામ સ્વામી છો. માટે મને દેહ પ્રાણ થકી અત્યન્ત વહાલા તમો છો તો જો દેહ પ્રાણ થકી મારે તમો અધિક છો એ પ્રકારે મુખથી બોલે છે અને ક્યારેક પણ પોતાના પુરૂષને ખીજીને સ્ત્રી કહે છે. હે પીટણજી તું કોણ છો અને તું વિના મારે સો વર્ષ ચાલશે માટે ભડવા તુ કોણ છો એ પ્રકારે પણ મુખ થકી પ્રગટ બોલે છે. તો જો એ સ્ત્રીના મનનું જે ચરિત્ર છે તેને કોઈ જાણવાને સમર્થ નથી અને કોઈક સમે પણ પોતાના પતિના વચનોને સ્ત્રી માને છે અને કોઈક સમે સ્ત્રી પોતાના પતિનું વચન નથી પણ કરતી અને દ્રવ્યવાન પર પુરૂષની સાથે ક્યારેક કામ ભાવે કરીને દ્રવ્યને સ્ત્રી માગે છે અને કોઈક સમ પોતે પણ દ્રવ્ય પર પુરૂષને કામ ભાવે કરીને આપે છે અને પોતાની સ્ત્રી જો બીજા પુરૂષ સાથે સમ્યક્ આશક્ત થઈ હોય.

તો કોઈ સમે સુતેલા પતિને નિશ્ચય મારે છે અને કોઈક સ્થળને વિશે પણ નાના પ્રકારના વચણાદીકે કરીને સ્ત્રી પોતાના પતિને વાય છે અને કહે છે કે હું તો તમારૂ પારખું જોવ છું અને વળી કહે છે જે આ પેલા પુરૂષો મને આમ કરે છે એ પ્રકારે પોતાના પતિને વા ભાઈને કહીને તેમની પાસે પોતાના અળખામણા એવા અન્ય પુરૂષોને પણ સ્ત્રી મરાવે છે અને જો તે પોતાની સ્ત્રી પતિવ્રતા સાધ્વી હોય તો પણ અનેક ચરિત્ર વડે કરીને પોતાના પતિને પ્રસન્ન કરે છે તેને લીધે મોહ પમાડીને આ સંસારને વિશે વારંવાર જન્મ મરણને વિશે પાડે છે અને મરણ સમે તે સ્ત્રી સાંભરે છે એટલે ત્યાં જન્મ લેવો પડે છે અને જન્મ પછી મરણ તો છે જ. તો જો આ પતન જે જન્મ-મરણ તેમને વિશે પોતાની પતિવ્રતા સ્ત્રી જ પાડે છે. જો પોતાની સ્ત્રી બીજા પુરૂષોને વિશે સ્નેહને પામી હોય તો તે બળે ભરેલા બીજા પુરૂષોને પોતાના પતિ પુત્ર ભ્રાતાદિકને મરાવે અને ક્યારેક તે સ્ત્રી પર પુરૂષ સાથે સંકેત કરે છે કહે છે. જે કાલે બપોરે તું ફલાણાં દેવ સ્થાને આવજે હું પણ ત્યાં આવીશ એવા સંકેતને કરીને બીજા પુરૂષને પોતાની સાથે દેવ સ્થાને લઈ જાય છે અને જ્યારે પેલા સંકેત વાળો પુરૂષ આવે ત્યારે દેખાડે છે અને કહે છે. તમો જુઓ આ પુરૂષ મારી આબરૂ લેવાનું કરે છે એમ કહે છે અને કોઈ ઠેકાણે સાધુ પુરૂષોને પણ સભાને વિશે સ્ત્રી ખોટી વિડંબણા કરે છે એટલે તે પુરૂષોને કામ ભાવના હોય તો પણ સભામધ્યે કહે છે. એ સાધુ પુરૂષો પણ મારી સાથે વિહાર કરે છે અને હું એમની સાધુતાઈને જાણું છું એ પ્રકારની જૂઠી વિડંબણા કરે છે એ પ્રકારના સ્ત્રીના મનના અનન્ત ચરિત્ર છે. તે લખતા પાર આવે નહીં એટલે લોકપણ કહે છે. જે તરીયા રૂઠી જે કરે દૈત ન કરે તે કહેતા સ્ત્રી રૂઠી નામ રિસીવી છતાં જે જે નિચ કામ મહાભુંડુ કરે તે દૈવ્ય ઈશ્વરપણ ન કરે અને શાસ્ત્ર પણ કરે છે. સર્વે સ્ત્રીઓ માત્રને સાક્ષાત પોતાનો મિત્રરૂપ કોઈ પુરૂષ નહીં પરંતુ પિતાને, ભાઈને, પુત્રને અને બીજા પુરૂષોને પણ તે સ્ત્રીઓ મારે છે એમાં સંશય નહી અને લોકને વિષે પણ કેટલીક સ્ત્રીયો પોતાના સ્વાર્થ માટે ભાઈને મારે છે અથવા પોતાના દીકરાને મારે છે તથા પોતાના પતિને પણ મારે છે. એ પ્રકારે શાસ્ત્ર પણ કહે છે તે જો સ્ત્રીના મનનું ચરિત્ર છે તેને કોઈ જાણવાને સમર્થ નથી માટે હાવભાવ જે પુરૂષને મોહ પમાડવાના નાના પ્રકારનાં ચરિત્ર અને કટાક્ષ જે કામના ભરેલા નેત્રરૂપી બાણ તે છે આદી તે જેમના મધ્યે એવા બહુ પ્રકારના ભાવોએ કરીને સમ્યક ભરેલું જે સ્ત્રીના મનનું ચરિત્ર છે તેને કોઈ જાણવાને શક્ય

નથી અને રૂદ્ર નારાયણ બ્રહ્માથી તે દેવ દૈત્ય મનુષ્ય નાગ, પશુ, પક્ષી પર્યન્ત સર્વો સર્વે પુરૂષ માત્ર સ્ત્રીઓના મનને ચરિત્રે કરીને મોહ પામ્યા છતાં જે ઓ માટે ચોરાશી લાખ જાતિના જન્મ-મરણ મહા દુ:ખને ભોગવે છે અને સ્ત્રીઓના મનનાં ચરિત્રને જાણવાને સમર્થ નથી.

ત્યાગના જાણનારાના મધ્યે શિરોમણી પુરુષો સર્વનો ત્યાગ જાણે છે અને ચિત્ત તજયા વિના જે બીજા પદાર્થનો ત્યાગે છે તે તો ત્યાગ નથી કેમ કે જયારે પ્રાણી મરે છે, ત્યારે સર્વ પદાર્થ માત્રનો ત્યાગ કરે છે પણ ચિત્તનો નથી કર્યો તો અનન્ત કોટીવાર બીજા પદાર્થને ઉદય કરીને જન્મ મરણ દુ:ખને ભોગવે છે, તો જો ચિત્તનો જે ત્યાગ છે તે જ સર્વનો ત્યાગ જણાવો અને તે ચિત્રનો ત્યાગ સમ્યક સિદ્ધ થયા છતાં સત્ય સ્વરૂપ કૈવલ્ય બ્રહ્મને કેમ ન અનુભવે એ નામ સત્યનો અનુભવ કેમ ન થાય. નિશ્ચય થાય છે જ. તો જો ચિત્તને તજીને સત્ય સ્વરૂપ સચ્ચિદાનંદનો જે સાક્ષાત્કાર બોધ પામવો તે જ સર્વ બન્ધન માત્રનો ત્યાગ જાણવો. જે જે બ્રહ્મ વેતા પૂર્વે થઈ ગયા તે તે સર્વે બ્રહ્મવેતા કહે છે ચિત્ત જ આ ચૌદલોક રૂપ થયું છે. એ પ્રકારે ચિત્તને જ સર્વ વિશ્વરૂપ કહેતા હતા માટે ચિત્ત તજે છતાં જ સર્વ આધિ વ્યાધિના અવધિરૂપ સર્વ જન્મ મરણનો ત્યાગ કર્યો થાય છે અને ચિત્તનો ત્યાગ કર્યા વિના જે બીજો બાહ્યનો ત્યાગ કરે છે તે ત્યાગ નથી માટે શિવ સ્વરૂપ પરમાત્માને બોધે કરીને સર્વ વિશ્વરૂપ ચિત્તનો ત્યાગ કર્યે છતાં સર્વ આધિ વ્યાધીના અવધિરૂપ સર્વ બંધન માત્રનો ત્યાગ કર્યો થાય છે જેમ પશુ પેલુ મોઢાની મોરી રૂપી દોરડે બંધાય છે પછી અછોડે કરીને અથવા રાશે કરીને ખીલે બંધાય છે તેમ જ બ્રહ્મા વિષ્ણુ રૂદ્રથી તે કીટ પતંગ પર્યન્ત સર્વે પ્રાણી માત્ર વાસના રૂપી મોરીએ કરીને પેલા બંધાય છે પછી ચિત્તરૂપી રાશે કરીને વિષયરૂપી ખીલે બંધાય છે પછી જયારે બ્રહ્મવેતા પ્રગટ પ્રભુ સદ્‌ગુરૂ મળે છે ત્યારે તેમની ભક્તિએ કરીને તથા સચ્ચિદાનંદને નામ સ્મરણ જ્ઞાન ધ્યાનને અભ્યાસે કરીને ચિત્તનો નાશ અને વાસનાનો ક્ષય કરીને જે કૈવલ્ય બ્રહ્મ પરમાત્માનો સાક્ષાત્કાર બોધ થાય છે તે જ જે હેતુ માટે સર્વ બંધન માત્રનો ત્યાગ છે તે હેતુ માટે આ લેખ છે અને બ્રહ્મા વિષ્ણુ રુદ્રથી તે કીટ પતંગ પર્યન્ત સર્વે પ્રાણી માત્ર વાસનારૂપી મોરીએ કરીને પેલા બંધાય છે પછી ચિત્રરૂપી રાશે કરીને વિષયરૂપી ખીલે બંધાય છે પછી જયારે બ્રહ્મવેતા પ્રગટ પ્રભુ સદ્‌ગુરૂ મળે છે ત્યારે તેમની ભક્તિએ કરીને તથા સચ્ચિદાનંદને નામ સ્મરણ જ્ઞાન ધ્યાનને અભ્યાસે કરીને ચિત્તનો નાશ અને વાસનાનો ક્ષય કરીને કૈવલ્ય બ્રહ્મ પરમાત્માનો સાક્ષાત્કાર બોધ થાય છે તે જ જે હેતું માટે સર્વ બંધન માત્રનો ત્યાગ છે તે હેતુ માટે આ લેખ છે અને બ્રહ્મા વિષ્ણુ રૂદ્રથી તે પશુ પક્ષી પર્યન્ત સર્વ જનોએ ન જીતાય એવુ દુર્જય તે શું છે તો એવો જે કામ તે કામ સર્વ પ્રાણી માત્રને દુર્જય છે કેમ કે માયા સબળ આત્મા કામને વંશ થઈને કામનો કિંકર થઈને જન્મ મરણ સંસારને વિશે ભટકે છે તો બીજા સર્વે પ્રાણી માત્રનું શું કહેવું છે ? તો દ્રષ્ટાની જેમ કોઈ એક વાઘ બકરીને વંશ પડીને ઘેર ઘેર બોલ કહે ત્યારે બોલે છે અને લાકડી ઉગામે ત્યારે બીવે છે ડરે છે અને વાઘનું સામર્થ્ય જોઈએ તો હજાર હાથીઓને હરાવે એવું છે. પણ શું કરે પરવશ થયો છે તે ફકીર જેમ નચાવે તેમ નાચે છે એ દ્રષ્ટાન્તનું સિદ્ધાંત તેમજ આ માયા સબળ બ્રહ્મ આત્મા પણ કામરૂપી ફકીરને વશ પડયો છે તે પછી આશારૂપી લાકડીથી બીવે છે, ડરે છે અને બ્રહ્મા વિષ્ણુ રૂદ્રથી તે પશુ પક્ષી પર્યન્ત નાના પ્રકારના જન્મ રૂપી જે જે નાચ-કામ નચાવે છે તે તે નામને નાચે છે માટે સર્વ જન પ્રાણી માત્રને દુર્જય તે કામ છે અને જો કામ જીતે તો પોતે જ સાક્ષાત શિવ છે. કામ જીતવો ઘણો જ કઠીન છે ગુરૂકૃપાએ કરીને જીતાય બાકી જીતવાનો બીજો કોઈ ઉપાય નથી માટે કોઈ વિરલો જીતે છે.

## કીર્તન

રજુ. આશાબેન અરવિંદભાઈ
ચમારડી, ભાવનગર, કાળીયા બીડ

આ મંદિર સુંદર માધવ ગુરુજીનું મોહ પુરપુર પાવે છે.
અહીં માધવગુરુજીનાં શિષ્યો સહુને સચ્ચિદાનંદ ભજાવે છે.
અહીં દેશ વિદેશનાં ભક્ત જનોનાં ટોળા નિત્ય નિત્ય આવે છે.
અહીં થાળી ભરી મેવા મિષ્ટાનો સાકર શ્રીફળ લાવે છે.
અહીં ચરચિંત ચંદન ગુરુજીને વંદન પાપનીકંદન જાવે છે.
અહીં માધવાનંદ છોડે બંધન તો ભવ ફંદન તોડે છે.
અહીં દારૂ, માટી, ચોરી, આવેશનો જડમૂળથી છોડાવે છે.
અહીં ગાંજો, મફર, તમાકુ, અફીણ તે વ્યસનોને ત્યજાવે છે.
અહીં ગુરુ ગીતાનો પાઠ કરાવે ગુરૂ મહિમા સંભળાવે છે.
અહીં ગુરુ સેવાનાં ફળ કેવા છે, શસ્ત્રોથી સંભળાવે છે.
અહીં વેદ વેદાંતનાં સુત્રોનાં ભાસ્યો અર્થ કરી સમજાવે છે.
અહીં ભક્તિ, રત્ન, માળા, પુસ્તક વાંચી જ્ઞાન જળે નવરાવે છે.
અહીં આરતી, ગુરુ પંચક, ગુરૂઅષ્ટક બોલી ભાવ ધરી ગવરાવે છે.
અહીં મુળદાસ છોટમ પ્રિતમ કવિના પદ કીર્તનયા ગાવે છે.
આ સેવક કરથી સેજ સુધારી ગુરુજીને પધરાવે છે.
અહીં શિવદાન કવિ શ્રી સચ્ચિદાનંદ બોલી સૌ સૌના ઘેર જાવે છે.

# ❀ શિવ મહિમ્નઃ સ્તોત્રમ્

સંકલન કર્તા – કૃષ્ણા કે. ભરોડિયા
પાલડી

## પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય, ચાતુર્માસ ૨૦૧૧, સુરત.

**ગતાંકથી ચાલુ...**

તત્ત્વજિજ્ઞાસુ સજ્જનો,

પવિત્ર શ્રાવણ માસમાં ભગવાન શંકરની દિવ્ય સ્તુતિ કે જેનો પાઠ વેદ પાઠની સદૃશ માનવામાં આવે છે એવા શ્રી શિવ મહિમ્નઃ સ્તોત્રનો આપણે અર્થ સમજી રહ્યા છીએ. ચોથા શ્લોકમાં આચાર્ય પુષ્પદંત ભગવાન શંકરને કહે છે 'વરદ' જે વર દેવાવાળા. શ્રેષ્ઠત્તમ સંસારમાં જે પદાર્થ છે એને સહજતાથી, સરળતાથી દેવાવાળા ભગવાન શંકર તમારા વિશે જે 'જડધિય' એટલે જડ બુદ્ધિવાળા મૂઢ બુદ્ધિવાળા એ તમારા ઐશ્વર્ય ઉપર સંદેહ કરે છે. ભગવાનનું ઐશ્વર્ય કેવું છે ? તો કહ્યું 'જગદ્ ઉદય રક્ષા પ્રલયકૃત' સંસારમાં સર્વોત્તમ ઐશ્વર્ય હોય તો એ આ સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને લય. એનાથી વધારે સંસારમાં બીજું કોઈ મહાન ઐશ્વર્ય નથી. તમારું આ જગતનો ઉદય કરવો, રક્ષા કરવી અને પ્રલય કરવારૂપ જે ઐશ્વર્ય છે એટલે કે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર કરવા રૂપ જે ઐશ્વર્ય છે અને તમે એક હોવા છતાં પણ માયાના ત્રણ ગુણને કારણે ત્રણ હોય એવા લાગો છો. ત્રણ રૂપમાં તમારી મૂર્તિ વ્યસ્ત છે. એક હોવા છતાં આવું જે તમારું ત્રણ ભાગમાં વહેંચાયેલું ઐશ્વર્ય છે એનું 'વિહન્તુમ્' એટલે ખંડન કરવા માટે થઈને, જેની બુદ્ધિ જડ છે. જડ પદાર્થો ઉપર જ જે વિચાર કરી શકે છે જેને ચેતન દેખાતું નથી એવા જે સંસારના લોકો છે એ કહે છે **'અભવ્યાનામ્ અરમણીમ્'** જેનું ભવિષ્યમાં કલ્યાણ નથી એવી જે વાણી **'રમણીયામ્ વ્યાક્રોશીમ્'** સાંભળવામાં રમણીય લાગે પણ અકલ્યાણકારી એવી વાણી જે બોલે છે એને તમારા ઉપર **'વ્યાક્રોશીમ્'** એટલે આક્ષેપ પૂર્ણ મિથ્યા દોષ લગાવે છે. આમાં પુષ્પદંતાચાર્યજીએ કહ્યું કે ભગવાન ઉપર જે ખોટા દોષ લગાવે છે એનું ભવિષ્યમાં ક્યારેય કલ્યાણ થતું નથી. **'અભવ્ય'** શબ્દનો પ્રયોગ કર્યો. અભવ્ય એટલે વર્તમાનમાં તો કલ્યાણ છે જ નહીં. પણ ભવિષ્યમાં પણ એનું કલ્યાણ થવાનું નથી કલ્યાણ ક્યારે થાય મનુષ્યનું ? આપણા શાસ્ત્રમાં કહ્યું છે કે અક્ષર અવિનાશી પરમાત્માને જાણેને ત્યારે જ, એ સિવાય નહીં. અક્ષર અવિનાશી પરમાત્માને જ્યારે જાણે ત્યારે જ કલ્યાણ થાય છે અને અક્ષર અવિનાશી પરમાત્મા કેવા છે ! એ જ્યારે જિજ્ઞાસા મનમાં થાય તો આપણા શાસ્ત્રો કહે છે. જેનાથી સંસારની ઉત્પત્તિ થાય, સ્થિતિ થાય અને લય થાય છે. એ પરમાત્મા છે. હવે જે વ્યક્તિ કહે છે કે સંસારની રચના તો એની જાતે થઈ જાય તો એની દ્રષ્ટિમાં તો સંસાર તો સ્વભાવથી ઉત્પન્ન થાય છે એટલે એ પરમાત્માને માનવા જ તૈયાર નથી. એ પરમાત્માને જાણે ને ત્યારબાદ એનું કલ્યાણ થાય એ વાત એના માટે સંભવ નથી. જેનું કારણ છે. 'જડધિય' તે જડ પદાર્થ ઉપર જ વિચાર કરી શકે છે, ચૈતન્ય ઉપર નહીં. આંખથી શું દેખાય છે ? જડ દેખાય કે ચૈતન્ય દેખાય ? જડ જ દેખાય છે. સંસાર દેખાય છે અને સંસાર જડ છે કે ચેતન છે, શું કહેશો ? સંસાર જડ છે આંખ દ્વારા જે દેખાય છે એ બધું જડ છે. તો કાન દ્વારા જેને સાંભળી રહ્યા છીએ એ શું ? એય જડ, સ્પર્શ કરી રહ્યા છીએ, એ શું ? એય જડ, જેને સુંઘી રહ્યા છીએ એ ? એ બધું જડ છે તો સંસારમાં કાંઈ ચેતન દેખાય છે ? તો કે ના, ચેતન છે એ ક્યારેય નજરે ચડતું નથી.

આપણે ત્યાં એક આચાર્ય થયા ધર્મરાજા અર્ધ્વરિંદ્ર એ 'વેદાંત પરિભાષા' નામનો બહુ સુંદર ગ્રંથ લખ્યો છે અને એમાં એ પ્રમાણનો વિચાર કરે છે. પરમાત્મામાં જે પ્રમાણ છે એ પ્રમાણનો વિચાર કર્યો. એમાં પ્રથમ 'પ્રત્યક્ષ પ્રમાણ' નો વિચાર કર્યો. પ્રત્યક્ષ પ્રમાણમાં એ કહે છે કે વ્યક્તિને પ્રત્યક્ષ પદાર્થ ત્યારે જ દેખાય જ્યારે ચૈતન્ય એકઠા થાય. ત્યારે આવા પ્રકારનો વિતર્ક કોઈ પાશ્ચાત વિદ્વાને નથી કર્યો. આપણે ત્યાં મહાપુરુષોએ જે ઈશ્વર વિશે ચિંતન કર્યું છે એવું બીજે ક્યાંય દ્રષ્ટિ ગોચર પડતું નથી. એનું કારણ શું છે ? બીજા લોકોએ ઈશ્વર ઉપર ચિંતન તો બહુ કર્યું છે. સુક્ષ્મ ચિંતન કર્યું છે પણ એની સામે એવું કોઈ નિર્દોષ પ્રમાણ નથી અને આપણે ત્યાં વેદ છે એ નિર્દોષ પ્રમાણ છે. પરમાત્મા એ કેવળ તર્કથી સિદ્ધ થતા નથી. વ્યાસજી તો કહે છે,

तर्काप्रतिष्ठानादप्यन्यथानुमेयमिति
चेदेवमप्याविमोक्षप्रसंगः ॥

(બ્રહ્મસૂત્ર, અ-૨,પાઠ-૧,અધિ-૩,૧૧)

**ક્રમશ...**

## ધર્મ અને આડંબર

નરશીભાઈ વાલજીભાઈ વઘાસિયા
પીપળીયા (હાલ સુરત)

સંપૂર્ણ વિશ્વના નિયંત્રણ કર્તા ઈશ્વર એક જ છે. તે સમગ્ર સૃષ્ટિના કણ-કણમાં વ્યાપેલા છે. ઈશ્વરથી પર આ વિશ્વમાં કશુ જ નથી. જે સનાતન સત્ય છે. ઈશ્વરની ઈચ્છા અનુસાર આચરણ કરવુ તેને ધર્મ કહેવામાં આવે છે. આપણા શાસ્ત્રો એવું કહે છે કે ધર્મંચર એટલે કે ધર્મનું આચરણ કર. ધર્મનું આચરણ કઈ રીતે કરવું તેનું જ્ઞાન આપણા ધર્માચાર્યો આપતા હોય છે. પરંતુ બની બેઠેલા આડંબરી ધર્માચાર્યોનું આચરણ જોતા આડંબર સિવાય કશુય જોવા મળતું નથી. ધર્માચાર્યો બાહ્યાડંબર કરીને સામાન્ય પ્રજાને એવુ ઠસાવી દે છે કે પોતે જ ઈશ્વર છે. અત્યારના ધર્માચાર્યો પોતાના અનુઆયીઓને એવુ રાત-દિવસ રટણ કરાવે છે કે અનુઆયીઓ પોતાના ધર્માચાર્યને ભગવાન માની બેસે છે. અન્ય ધર્માચાર્યોને પાખંડી-ઢોંગી-ધુતારા છે એવું ઠસાવી દે છે. આડંબરી ધર્માચાર્યો પોતાના અનુઆયીઓને ભૌતિક પદાર્થોમાં સુખ નથી એવા ઉપદેશો આપી વાસ્તવિક સુખોથી વંચિત રખાવતા હોય છે. પરંતુ આવા ઉપદેશ આપનારા આડંબરી ધર્માચાર્યો પોતે ભૌતિક પદાર્થોના સુખમાંજ આળોટતા હોય છે. કનક-કાન્તાના ત્યાગી તરીકે ઓળખાવનાર જ કનક-કાન્તાના ભોગી હોય છે. તેમની સેવા-ચાકરી ફક્ત બહેનો જ કરતા હોય છે. પોતાના સંપ્રદાય અથવા સંસ્થાના વહીવટ કરવામાં એટલા ગળાડૂબ વ્યસ્ત રહેતા હોય છે કે પોતાનું કર્તવ્ય અને ફરજ ભૂલી જતા હોય છે. પાપ-પૂણ્યની વ્યાખ્યા કરનારા પોતે જ પાપલીલામાં મશગુલ હોય છે. આચરણમાં આડંબર સિવાય કશુય જોવા મળતું નથી. આપણા શાસ્ત્રોમાં કહ્યું છે કે "શુદ્ધતા ત્યાં પ્રભુતા" એટલે કે તન-મનથી શુદ્ધતા હોય ત્યા પ્રભુનો વાસ છે. તો હાલના આડંબરી ધર્માચાર્યો તેના ભક્તોને એવુ દ્રઢ કરાવી દે છે કે પોતાના કુંડાળાની બહારની વ્યક્તિના ઘરે પાણી પીવું નહીં, જમવું નહી તથા અન્ય વ્યવહાર કરવા નહીં. પોતાના કુંડાળાની બહારની વ્યક્તિ પોતાની માતા હોય, પિતા હોય, પતિ હોય કે પત્ની હોય તો પણ તેનો તિરસ્કાર કરાવે છે. પોતાની માતા કે પત્નીના હાથનું રાંધેલુ કે સ્પર્શ કરેલી વસ્તુને સ્વીકારવું નિષેધ ફરમાવે છે કેટલી અબુધ તથા ભોળી પ્રજા છે કે આવા આડંબરી ધર્માચાર્યોની વાતમાં આવીને ઈશ્વરે આપેલી જીંદગીને બરબાદ કરતા હોય છે. આડંબરી ધર્માચાર્ય શિવભક્ત હોય તો વિષ્ણુભક્તિ કરવાની મનાઈ ફરમાવે છે અને વિષ્ણુભક્ત હોય તો શિવ-ભક્તિ કરવાની મનાઈ ફરમાવે છે. ક્યા શાસ્ત્રમાં ભગવાન વિષ્ણુ અને ભગવાન શિવને અલગ બતાવ્યા છે. પરંતુ આવા આડંબરી ધર્માચાર્યો પોતાના ભક્તોને ગુમરાહ કરવા સિવાય કશુ જ કરતા નથી. મિડિયા તથા અખબારો દ્વારા આવા આડંબરી ધર્માચાર્યોની પાપલીલા તથા આડંબરો પ્રસિદ્ધ થતા જ હોય છે. તો ભોળી તથા અબુધ પ્રજાએ લાગણીવેડા છોડી આવા લંપટ-દંભી-પાખંડી. તથા આડંબરી ધર્માચાર્યોની મોહજાળમાંથી છુટવુ જોઈએ. ખાસ કરીને સ્ત્રી જાત લાગણીશીલ, સહિષ્ણુ તથા લાલચુ હોવાથી આવા લપટ ધર્માચાર્યોમાં ફસાતી હોય છે.

ભગતનું લેબલ લઈ ફરનારા ઠગ-ભગતોથી પણ ચેતવું જરૂરી છે. શાસ્ત્રોક્ત સુત્રો જેવા કે માતૃદેવોભવઃ, પિતૃદેવોભવઃ, આચાર્યદેવોભવઃ, અતિથિદેવોભવઃ, સત્યમ્‌વદ, ધર્મંચરનું આચરણ ન કરતા હોય અને ટીલા-ટપકા, ગળામાં રુદ્રાક્ષ-તુલસીની માળા અને માથે મોટી ચોટલી રાખીને બાહ્યાડંબર કરીને ફરતા ભગતોથી પણ ચેતવું જરૂરી છે. બાહ્ય આચરણ જોઈને તેમની સાથે વ્યવહાર કરવો.

પરમકૃપાળુ સદ્‌ગુરુ પરમાત્મા આપણને આવા આડંબરી ધર્માચાર્યો તથા આડંબરી ભગતોથી બચવાની દ્રષ્ટિ તથા સમજણ આપે એવી પ્રભુ પ્રાર્થના...

## કળિયુગે નામ સ્મરણ

મધુબેન ડી. બોઘરા

કળિયુગમાં ઈશ્વર નામ સ્મરણનો મહિમા અપાર છે. અન્ય યુગોમાં તપ અને યજ્ઞનો મહિમા વધારે હતો.

સત્સંગ, ભજન, હરિનામ સ્મરણ મનુષ્યને નિર્ભય બનાવે છે. પરમાત્માનો દ્રઢ આશ્રય કરવાથી અભયતા પ્રાપ્ત થઈ શકે છે. થોડા પૈસા ખિસ્સામાં હોય તો મનુષ્યને હિંમત રહે છે, ત્યારે પરમાત્માને નિત્ય સાથે રાખીને ફરે એ નિર્ભય બને તેમાં શું આશ્ચર્ય છે ? અહીં મૂર્તિ કે ફોટાને સાથે રાખીને ફરવાની વાત નથી. પરમાત્મા મારા હૃદયમાં છે જ તેવો

દ્રઢ વિશ્વાસ રાખવાની વાત છે. પરમાત્મા સર્વત્ર વ્યાપક છે, સર્વાંતરયામિ છે, સર્વશક્તિમાન છે એવું સતત સ્મરણ રહે, પરમાત્માનું સતત અનુસંધાન રહે તો વિષયની વાસના પણ પાછી પડે છે. તેનું પણ કંઈ ચાલતુ નથી. હા, થોડો વખત પણ ભગવાનના સ્મરણને બદલે વિષયોનું ચિંતન કે અનુસંધાન થાય તો વિષય જીવની છાતી ઉપર ચડી બેસે છે પછી જીવનું કંઈ ચાલતું નથી. માટે જ સંતો કહે છે 'સાવધાન રહો' જેથી ઈશ્વરનું અનુસંધાન તુટે નહીં, ઈશ્વરનું સ્મરણ, ચિંતન સુકાય નહીં જેથી વિષય ચિંતનને મોકો જ ન મળે, ભગવત્ નામ સ્મરણનો દ્રઢ આશ્રય કરવાથી જીવ વાસનાના પૂરને પણ ખાળી શકે છે.

ભગવત્ આશ્રય અને ભગવાનના નામનો મહિમા વેદવ્યાસજીએ શ્રીમદ્ ભાગવતમાં, તુલસીદાસજીએ રામ ચરિત માનસમાં અને અન્ય શાસ્ત્રોમાં સંતોએ ખૂબ ગાયો છે. પ્રિતમ દાસજી પણ કહે છે – "કહે પ્રિતમ મોક્ષ સાધન કરજે, પ્રભુનામ ગુણ રુદિયે ધરજે, નામ નાવ ચઢી ભવ સિંધુ તરજે. તજ દેહ અભિમાન મિથ્યા સુખ સારૂં શું ફોગટ ફૂલે." આત્મા થઈ પરમાત્માનું ભજન કરીએ.

મન શુધ્ધિના અનેક સાધનો છે પરંતુ ભગવત્ નામ સ્મરણ આધાર એ સરળમાં સરળ સાધન છે. બધા જ કરી શકે છે. બધાને જરૂર પણ છે કારણ કે મનની કામના, વાસના, મલિનતા, વિકારો, રાગ-દ્વેષ, ઈર્ષા-અસુયા કોને પરેશાન નથી કરતા ? બધા જ જ્ઞાની-અજ્ઞાની એનાથી પરેશાન છે અને તેનાથી છૂટવાનો પ્રયત્ન પોત પોતાની કક્ષા પ્રમાણે કરતાં જ હોય છે.

ભગવત્ આશ્રય નામ સ્મરણ મનની પરેશાની દૂર કરે છે. સસ્તામાં સસ્તુ, સરળમાં સરળ સાધન છે. બધા જ જાણીએ પણ છીએ છતાં આપણી આળસે કામ રઝળે છે.

અસ્તુ....

## ❁ શ્રદ્ધાંજલિ

સં. વેદરહસ્ય કમિટિ ❁

આકરૂ ગામના સ્વ. ઉમેદશંગભાઈ (ઉર્ફે ગગુભાઈ) રતનસંગભાઈ સોલંકી ઉ.વર્ષ ૯૪ ભાદરવા સુદ બીજ ને બુધવાર તા. ૨૭/૮/૨૦૧૪ ના રોજ માધવચરણ પામેલ છે. પરમાત્મા સ્વર્ગસ્થ જીવાત્માને પરમ શાન્તિ બક્ષે વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલિ અર્પે છે.

માનનીય શ્રી ગંભીરસંગભાઈ,

દુ:ખદ સાથ આપના પૂજ્યપિતાશ્રીના સ્વર્ગવાસનાં સમાચાર જાણી અમો તથા સંસ્થાનાં ટ્રસ્ટીઓએ અને સૌ કોઈએ આઘાતની લાગણી અનુભવી છે. સ્વર્ગસ્થશ્રી એ આપણા પ.પૂ. પ્રાત: સ્મરણીય માધવપીઠાધિશ્વર મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજના પૂજ્ય પિતાશ્રી હતા ને બાળપણથી જ ઘરમાં ધાર્મિક સુસંસ્કારનો વારસો મળેલ અને જેના થકી આવા ધાર્મિક સુસંસ્કારોનું સિંચન કરનારા અને ભગવત સ્વરૂપ સદ્ગુરૂનો આપણને વારસો આપનાર પિતાશ્રીને સમસ્ત માધવ પરિવાર તેમજ શ્રી માધવ ગુરૂકુળના ટ્રસ્ટી મંડળના સભ્યોશ્રીઓના સત સત કોટી પ્રણામ.

સ્વ.શ્રી ઉમેદસંગભાઈ (ઉર્ફે ગગુભાઈ) નો મળતાવડો સ્વભાવ-સેવાભાવી-માયાળુ-ધર્મપ્રેમી અને હંમેશા હસતા રહેવા માટે બીજાના દુ:ખમાં સહભાગી થનાર અને કુટુંબના લાડીલા હતાં. તેમના સ્વર્ગવાસથી આપ સૌ વ્યથીત હો તે સ્વભાવિક છે. મૃત્યુ એ અનિવાર્ય છે. પરંતુ કુટુંબના મોભીની ગમે તે ઉંમરે ગેરહાજરી એ આખા કુટુંબના દરેક સભ્યને આઘાત આપે છે. આપણા માધવ સેવક પરિવાર માટે ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. સ્વ.શ્રીનો આત્મા હંમેશા સદ્ગુરૂના ચરણમાં અને ગુરૂભક્તિમાં રમણ કરતો રહેલો. આમ સત્સંગ, સ્મરણ અને સદ્ગુરૂના ત્રિવેણી સંગમમા સ્નાન કરતા કરતા મોક્ષગતી પામી ને "માધવચરણ" માં લિન થયા છે. પરમકૃપાળુ સદ્ગુરૂ મહારાજશ્રીને પ્રાર્થના કે સદ્ગતનાં આત્માને શાંતિ પ્રાપ્ત થાય, તેનુ પરમ શ્રેય થાય અને કુટુંબના દરેક સભ્યોને આ આઘાત સહન કરવાની શક્તિ આપે એ જ અભ્યર્થના.


દરેક આત્મા ૠણાનુબંધ અનુસાર અમુક કુટુંબમાં જન્મ લે છે. અને પોતાનું પ્રારબ્ધકર્મ પુરું થતા દેહ છોડી સૌથી વિદાય લઈ અનંતની યાત્રાએ નીકળે છે. મૃત્યુઅવશ્યંભાવિ છે. પણ તે ઘટના ક્યારે ઘટશે, કઈ રીતે ઘટશે તેનાથી આપણે સૌ કોઈ અજાણ હોવાથી સ્વજનની આમ અચાનક વિદાય હૃદયદ્રાવક બની રહે છે. પરંતુ શરીરના બંધનથી મુક્ત થયેલ આત્મા અજર-અમર અવિનાશી અને શાશ્વત હોઈ તેની પાછળ રૂદન કરવુ અનુચિત લેખાશે. તેનાથી સદ્ગતનાં આત્મ કલ્યાણ અર્થે આ સમયે તેમના ગુણોનું ચિંતન કરીએ, પ્રભુનું નામસ્મરણ અને પ્રાર્થના કરીએ તથા જીવન મૃત્યુ વિશે થોડું ચિંતન કરી આપણે પણ હળવા થઈએ પરમકૃપાળુ પરમાત્મા આપ સૌને સહન કરવાની શક્તિ આપે એ જ અંતરની પ્રાર્થના.... ૐ શાંતિ : ૐ શાંતિ : ૐ શાંતિ :

**આપના સ્નેહાધીન**

**સમસ્તશ્રી માધવ પરિવાર શ્રંદ્ધાજલિ અર્પે છે.**


ૐ શ્રી સચ્ચિદાનંદાય નમઃ

જયશ્રી સચ્ચિદાનંદ




## સ્વામીશ્રી અખંડાનંદ સાગર યુવક મંડળ, સુરત દ્વારા આયોજીત

# સત્સંગ શિબિર ચાણોદ – ૨૦૧૪





પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય તથા સંતવૃંદના સાનિધ્યમાં સત્સંગ શિબિર ચાણોદ ધામે તા.૧–૧૧–૧૪ શનિવાર થી તા.૭–૧૧–૧૪ શુક્રવાર સુધી ૭ દિવસની રહેશે.

❋ પુરૂ નામ : ________________ ________________ ________________

અટક નામ પિતાનું નામ

❋ જન્મ તારીખ : ________________ ઉંમર : ________

❋ ગામ : ________________________________

❋ રહેઠાણનું સરનામુ : ________________________________

________________________________

❋ મોબાઈલ નંબર :– ૧. ________________ ૨. ________________

શિબીરાર્થીનો ફોટો

❖ કયારેય સત્સંગ શિબિરમાં ભાગ લીધેલ છે? હા/ના :– ☐ ❖ રોજ સવારે પૂજા–પાઠ–આરતી કરો છો? હા/ના :– ☐

## ☛ નિયમ

૧. વયમર્યાદા ૧૪ થી ૪૨ વર્ષ સુધીના ભાગ લઈ શકશે.
૨. શિબિરમાં આવનાર દરેક સેવક ભાઈ–બહેનોએ નિત્યકર્મ વિધિ માટેની જરૂરીયાત મુજબની વસ્તુઓ સાથે લાવવાની રહેશે. (જેવી કે ચાદર, નેપકિન, પૂજાપાઠ વગેરે...)
૩. સભામંડપમાં આવો ત્યારે મોબાઈલ ફરજીયાત સાઈલન્ટ અથવા સ્વીચ ઓફ રાખવો.
૪. પરમ પૂજ્ય સ્વામીજીની આજ્ઞા તથા નિયમોનું પાલન કરવાનું રહેશે.
૫. સત્સંગ શિબિરમાં શિસ્તના નિયમોનું પાલન કરવું તેમજ વ્યવસ્થામાં સાથ અને સહકાર આપવો.
૬. સત્સંગ શિબિર દરમિયાન તમામ સેવકોએ પાછળ દર્શાવેલ સમય પત્રકનું ફરજીયાત પાલન કરવાનું રહેશે.

## શિબિર દરમ્યાન નિત્ય કાર્યક્રમ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪:૦૦ કલાકે | – | ઉત્થાન | ૧:૦૦ થી ૨:૪૫ સુધી | – | આરામ |
| ૫:૦૦ કલાકે | – | પ્રભાતિયા | ૩:૦૦ કલાકે | – | પ્રવચન |
| ૫:૩૦ કલાકે | – | ગુરૂગીતાપાઠ–માળા | ૫:૦૦ કલાકે | – | નર્મદા સ્નાન |
| ૬:૧૫ કલાકે | – | યોગાસન–પ્રાણાયામ | ૬:૪૫ કલાકે | – | સંધ્યા આરતી |
| ૭:૪૫ કલાકે | – | અલ્પાહાર | ૭:૩૦ કલાકે | – | ભોજન પ્રસાદ |
| ૯:૦૦ કલાકે | – | પ્રવચન | ૮:૪૫ કલાકે | – | પ્રવચન |
| ૧૦:૩૦ થી ૧૧:૩૦ સુધી | – | શ્રમસેવા | ૧૦:૦૦ કલાકે | – | શયન |
| ૧૨:૦૦ કલાકે | – | ભોજન પ્રસાદ | | | |

ઉપર જણાવેલ તમામ નિયમો મેં વાંચ્યા છે જેનું હું શિબિર દરમ્યાન પાલન કરીશ.

☛ સત્સંગ શિબિર –૨૦૧૪ નું રજીસ્ટ્રેશન ફોર્મ નીચે જણાવેલ સરનામ પર ફરજીયાત જમા કરાવવાનું રહેશે.
**સ્થળ :–** વેદ રહસ્ય કાર્યાલય, શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧, પીપલ્સ ચાર રસ્તા, કતારગામ રોડ, સુરત–૪.

☛ ફોર્મ જમા કરાવવાની છેલ્લી તા. ૮–૧૦–૧૪ ને બુધવાર (શરદપૂર્ણિમા) સુધીમાં જમા કરાવવા, ત્યાર પછી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.


☛ શિબિરમાં આવનાર સેવકોએ તા.૩૧–૧૦–૧૪ ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં શિબિર સ્થળે ચાણોદ માધવાનંદ આશ્રમે પહોંચવાનું રહેશે.

વધારે માહિતી માટે સંપર્ક કરો.
૧. ધનશ્યામભાઈ ગાબાણી – ૯૪૨૬૯ ૭૦૦૮૦ (પીપળીયા)
૨. હર્ષદભાઈ સાંકડાસરીયા – ૯૯૦૪૦ ૧૮૬૩૫ (ધાંધળી)
૩. ગોરધનભાઈ ગાબાણી – ૯૮૯૮૩૨૨૬૫૦ (પીપળીયા)

**શિબિર સ્થળ**
શ્રી માધવાનંદ આશ્રમ મુ. ચાણોદ, તા. ડભોઈ,
જી. વડોદરા, ગુજરાત–૩૯૧૧૦૫

**નોંધ – ફોટાને પીન મારી ચોટાડવો. ગુંદરથી ચીપકાવવો નહી.**

## પ.પૂ.સ્વામીજીશ્રીનો કાર્યક્રમ



પ.પૂ. માધવપીઠાધિશ્વર મહામંડલેશ્વર સ્વામીજી મહારાજ શ્રી વિદેશ યાત્રા અમેરીકા, કેનેડા, આફ્રિકા, લંડન, બેલ્જીયમ ભારતના વસતા સેવક ભાઈ-બહેનને સત્સંગનો લાભ આપી પરત તા. ૧૪/૯/૧૪ ના ભારત મુંબઈ પધારશે.

- તા. ૧૪/૯/૧૪ થી તા. ૨૦/૯/૧૪ મુંબઈ
- તા. ૨૧/૯/૧૪ થી તા. ૨૨/૯/૧૪ દહાણું
- તા. ૨૩/૯/૧૪ થી ૨૫/૯/૧૪ વલસાડ
- તા. ૨૬/૯/૧૪ સુરત
- તા. ૨૭/૯/૧૪ સવારે ચાણોદ થઈ જામખંભાળીયા
- તા. ૨/૧૦/૧૪ સાંજે સુરત પધારશે
- તા. ૮/૧૦/૧૪ શરદપૂર્ણિમા પ.પૂ. સ્વામીજીની અધ્યક્ષતામાં ધામધુમથી ઉત્સવ ઉજવાશે.
- તા. ૯/૧૦/૧૪ થી ૧૩/૧૦/૧૪ સુધી ચાણોદ પધારશે.



**પ. પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ**
તા. ૧૦/૯/૧૪ થી ભરૂચ શક્તિનાથ મહાદેવ સત્સંગ ભવનમાં તા. ૪/૧૦/૧૪ સુધી રહેશે.

**કાર્યક્રમ :** સવારે ૯.૦૦ સ્વાધ્યાય તથા સાંજે ૬.૦૦ કથા

**વિષય :** ભગવદ્ ગીતા આધ્યા.-૨, સાંખ્યયોગ.

આંતરરાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમે દર મહિને ઉજવાતી પુનમ ભાદરવા માસની પૂનમ સમગ્ર આકરૂ ગામનાં અમદાવાદ-ગાંધીનગરમાં વસતાં સેવકો તરફથી તા. ૭/૯/૧૪ ના રવિવારે ઉજવવામાં આવશે. (પંચાંગ તીથી અનુસાર પૂનમ તા. ૯/૯/૧૪ છે.)

સમય ૩.૦૦ થી ૬.૦૦ સત્સંગનો લાભ બ્રહ્માનંદજી આપશે.



**પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીનો કાર્યક્રમ**
તેઓ શ્રી ભાદરવા સુદ પૂનમ મંગળવાર તા. ૯/૯/૧૪ ના ચાતુર્માસ સુરતમાં પૂર્ણ કરી તા. ૧૦/૯/૧૪ થી ૨૫/૧૦/૧૪ સુધી શ્રી માધવાનંદ આશ્રમ-હરિદ્વારમાં સત્સંગનો લાભ આપશે.

:: સૌજન્ય ::

શ્રી મોહનભાઈ રામજીભાઈ મુંજાણી તથા મુંજાણી પરિવાર
ગામ - ચમારડી (હાલ સુરત.)

# પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીનાં વરદહસ્તે થતું માધવ સર્કલનું ઉદ્‌ઘાટન, કતારગામ રોડ, સુરત.




## ગુરૂ શિવોહંસાગરજીની ધૂન

રજુ. દેવરાજભાઈ વાલજીભાઈ

ધન્ય એ ધરતી એ ગામ,
ઓજસાળામાં ગુરૂ શિવોહંસાગરજીના ધામ
માનવ અવતાર ધર્યા છે નિષ્કામ,
ગુરૂજીને થયું છે આતમ જ્ઞાન ...ધન્ય...૧
ઈંગળાને પીંગળા સુષુમણા સાધી-
ત્રિવેણીને તીરે ચડાવી છે સમાધી,
અનહદ નાદ વાગે બ્રહ્માંડની માંય-
ગુરૂજીને આનંદ અનેરો થાય ...ધન્ય...૨
ઓહમ્ સોહમ્‌ના રણકારા થાય-
વિણા વાગે બ્રહ્માંડની માંય,
જ્યોત્યું જળહળે અજવાળા થાય,
પ્રકાશ એનો ત્રિલોકમાં ભળાય ...ધન્ય...૩
ઝરમર ઝરમર મેહુલીયો વરસો-
અમૃત બિંદુના ગુરૂજીને પાણીડાં પીવાય,
ઝબૂક ઝબૂક વીજલડી થાય-
અનહદ નાદ ગુરૂજીને અખંડ સંભળાય ...ધન્ય...૪

સંકલ્પ વિકલ્પ ગુરૂજીએ દીધા ટાળી-
વાસના બીજ ગુરૂજીએ નાખ્યુ બાળી,
શ્વાસોશ્વાસે અજંપા જાપ જપાય-
માયા પડદો દૂર થઈ જાય ...ધન્ય...૫
તત્ત્વર્માસનો ગુરૂજીનો લાગ્યો તાર-
ગુરૂજી રમી રહ્યા છે બાવનબાર,
ઓમકાર બિંદુના અજવાળા થાય-
જ્યોત્યું જળહળે બ્રહ્માંડની માંય ...ધન્ય...૬
ભદ્રા મુદ્રા કરીને ધર્યું છે બ્રહ્મનું ધ્યાન-
ગુરૂજીએ ટાળ્યું દેહ અભિમાન,
જીવ મટી શિવમાં થયા છે મસ્તાન-
ગુરૂજીને રહ્યું નહી કાંઈ જગતનું ભાન ...ધન્ય...૭
બે હજાર તેત્રીસે પામ્યા નિર્વાણ,
ફાગણ સુદ બીજને રવિવાર,
ગુરૂ પ્રતાપે વાલજી ગાય છે નિર્વાણ,
ગુરૂજીને અમારા કરેછે પ્રમાણ ...ધન્ય...૮

Regd. No. S.R.H.O./
Valid Up to
RNI. No. GUJ.GUJ./2000/2499

**Printed Book**



પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રી
બેલ્જીયમમાં સેવકોને આપતા આશીર્વચન.

**BOOK POST**

પૃષ્ઠ ૨૦ + ૪ = ૨૪

**If Not Delivered Please To :-**

: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-